# સુવાસ

સુવાસ કાર્યાલય
રાવપુરા; વડોદરા

આ અંકથી 'સુવાસ' પાંચમા વર્ષમાં પ્રવેશે છે. યુદ્ધનો દાવાનળ તેના નિર્મળ પ્રવાહને હજી લગી અટકાવી શકેલ નથી, તેમ હવે પછી પણ નહિ અટકાવી શકે એવી આશા છે. પણ તે માટે ગ્રાહક બંધુઓ ને મિત્રવર્ગનો સક્રિય સહકાર જરૂરી છે. યુદ્ધના સંયોગોમાં મોટાં શહેરો ખાલી થઈ રહ્યાં છે. એટલે તે વિસ્તારોમાં ગ્રાહક–સંખ્યાને ક્ષતિ પહોંચે તે સ્વાભાવિક છે. તે ક્ષતિ પૂરવામાં મદદ કરવો એ સાહિત્યપ્રેમીઓની ફરજ છે. શહેરો છોડીને ગ્રામ્ય વિસ્તારોમાં જઈ વસેલાં દેશજનો પણ ગ્રાહક બનીને સાહિત્યસેવામાં પોતાનો ફાળો નોંધાવી શકે છે ને બદલામાં 'સુવાસ' મેળવીને તેઓ સમયનો સદુપયોગ કરી શકે છે.

જેમનાં લવાજમ બાકી હતાં તેમને 'સુવાસ' નો ગતાંક વી. પી. થી મોકલવામાં આવેલો. તેમાંથી કેટલાંક વી. પી. અસ્વીકૃત બની પાછાં ફર્યાં છે. ગ્રાહક તરીકે કાયમ થઈને આ માર્ગ લેવો એ વ્યાજબી ન જ ગણાય. એટલે જે બંધુઓએ ભૂલથી કે શરતચૂકથી વી. પી. પાછાં મોકલ્યાં હોય તેમને હજી પણ ભૂલ સુધારીને લવાજમ મોકલાવી આપવા ને 'સુવાસ'ના ગ્રાહક તરીકે કાયમ રહેવા વિનંતિ છે.

## નિયમો—

'સુવાસ' દર મહિનાની પાંચમી તારીખે નિયમિત પ્રગટ થાય છે.

'સુવાસ' નો ઉદ્દેશ પ્રજાની સાર્વત્રિક ઉન્નતિમાં દરેક રીતે મદદકર્તા બનવાનો છે. તે ઉદ્દેશને અનુકૂળ થઇ પડે એવા વિવિધ પ્રકારના લેખોને તેમાં સ્થાન અપાશે. અભ્યાસપૂર્ણ સાથોસાથ જોડણીશુદ્ધ, સરળ ને મૌલિક લેખોને પ્રથમ પસંદગી મળશે.

'સુવાસ' ના '**લેખક–મંડળ**'માં જોડાવાથી લેખકને વિના લવાજમે 'સુવાસ' મોકલાય છે; તેમને પોતાના પ્રગટ થયેલ લેખની આઉટપ્રીન્ટ્સ મળે છે, તેમજ સલાહકાર–મંડળમાં પ્રતિનિધિત્વ મળે છે.

'સુવાસ' છઠ્ઠી તારીખે ન મળે તો પહેલાં પોસ્ટમાં જ તપાસ કરવી. કેમકે 'સુવાસ કાર્યાલય' માંથી દરેક અંક પૂરતી દેખરેખ નીચે રવાના થાય છે.

'સુવાસ' નો નમૂનાનો અંક મંગાવનારે પાંચ આનાની ટિકિટો મોકલવી.

જેમાં ઉત્તર જરૂરી હોય એવા દરેક પ્રકારના પત્રવ્યવહારમાં, કે લેખો અસ્વીકાર્ય નીવડે તો તે પાછા મેળવવાને, જરૂરી ટિકિટો બીડવી જોઇએ, અને પોતાના પત્ર પર કે બુકપોસ્ટ પર પોસ્ટલ નિયમ પ્રમાણેની, પૂરતી ટિકિટો ચોડવી જોઇએ. નોટ–પેઇડ સ્વીકારવામાં નહિ આવે.

કાર્યાલયને લગતા પત્રવ્યવહારમાં તંત્રી કે સંચાલકનું નામ ન લખવું. કેમકે તેમ થવાથી તેમની ગેરહાજરીમાં તે પત્રની વ્યવસ્થા વિલંબજનક થઇ પડે છે.

'પ્રાચીન ભારતવર્ષ' કે 'Ancient India' ના ગ્રાહકોને પ્રથમ વર્ષે અર્ધા લવાજમે (લવાજમ રૂ. ૧–૮–૦+૦–૪–૦ પોસ્ટેજ=૧–૧૨–૦) અને ત્યારપછી એક વર્ષને માટે પોણા લવાજમે (૨–૮–૦) 'સુવાસ' મળી શકશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# કેટલાક અભિપ્રાયો

સુવાસ નિયમિત વાંચું છું, અને નિર્મળ અને નિષ્પક્ષપાત સંસ્કારી સાહિત્ય ઉપજાવવામાં એનો સુંદર ફાળો છે એમ લાગે છે.

—સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
તંત્રી–ઉત્થાન

'સુવાસે' પોતાની ઉચ્ચ કોટિ સાચવી રાખી છે. તેના અગ્રલેખો ખરેખર ચિંતનશીલ અને કાવ્યતત્ત્વથી ભરેલા હોય છે.

—રમણલાલ વસંતલાલ દેસાઇ

લેખો એકંદરે સારા......અભ્યાસપૂર્વક લખાયલા છે.

—અરદેશર ફરામજી ખબરદાર

ઇચ્છીએ છીએ કે શિક્ષિત ગુજરાત 'સુવાસ' જેવા સત્પ્રયાસને આવકારે, પોષે અને સંપૂર્ણ સુવિકાસની તક આપે.

—વિ. ક. માનસી

વિચાર અને સાહિત્યસમૃધ્ધ સુંદર માસિક...પ્રત્યેક માસે અવનવી, વિધવિધ અને દરેકની સુરુચિ સંતોષાય એવી સાહિત્ય અને વિચાર–સામગ્રી પીરસાય છે.

—અનાવિલ જગત

અમારૂં આખું કુટુંબ 'સુવાસ' ખૂબ વાંચે છે. અમારે ત્યાં ગુજરાતનાં ઘણાં પત્રો આવે છે, પણ તેમાં શિષ્ટ સાહિત્ય તો 'સુવાસ' જ આપે છે.

—કિ. ઓલિયા જોશી

ગુજરાતને એક સારૂં માસિક મળ્યું હોવાનો સંતોષ થાય છે.

—જન્મભૂમિ

આ માસિકે માહિતીપૂર્ણ સામગ્રી આપીને પોતાનું સ્થાન નક્કી કરી લીધેલું જણાય છે.

—મુંબઇ સમાચાર

'સુવાસ' નું ધોરણ આમ વધુ વ્યાપક બનતું જાય છે તે જોઇ આનંદ થાય છે...તેના સંચાલકોને ધન્યવાદ છે......આ પધ્ધતિનો બધાં સામયિકોવાળા સ્વીકાર કરે તો ?–અત્યારે કચરાની ટોપલીમાં નાખવા જેવું સાહિત્ય પ્રસિધ્ધ થાય છે, તે ન જ થવા પામે.

—ગુજરાતી

લેખોની પસંદગી જોઇ સંતોષ અનુભવીએ છીએ. ઊગતા લેખકોની કલમ વિકસાવવામાં સાહિત્ય માસિકોની ખોટ 'સુવાસે' પુરી પાડી છે.

—જય કચ્છ

એ વિશિષ્ટ પ્રકારનું સ્થાન સાહિત્ય–જગતમાં મેળવશે એવી આશા બંધાય છે.

—યુવક

આ નવો ફાલ અન્ય સામયિકો જેમ ખાલી નજર કરી ફેંકી દેવા જેવો નથી. 'યથા નામા તથા ગુણા' ની જેમ ખાસ વાંચવા જેવું છે...લેખોની શૈલી ઉત્તમ કલાપુર્વક નવી છે. ખાસ મહત્વતા ભાષાશુદ્ધિ અને જોડણીને આપેલી છે.

—ખેતીવાડી વિજ્ઞાન

તેમાં પીરસાયલી વિવિધ જાતની વાનગીઓ સાહિત્ય–પ્રેમીઓને સારો ખોરાક પૂરો પાડે છે.

—ક્ષત્રિય મિત્ર

સામગ્રી સંતોષપ્રદ છે.

—પુસ્તકાલય

વિદ્વતાભરેલા લેખો, વિચારણીય સાહિત્યસામગ્રીથી આ માસિક વડોદરાના બંધ પડેલા 'સાહિત્ય' માસિકની ખોટ પૂરશે એવી આશા બંધાય.

—બાળક

જીવન, કલા, સાહિત્ય વગેરે વિષયો પરના લેખોથી ભરપૂર છે.

—સયાજીવિજય

'સુવાસ' એના નામ પ્રમાણે સુવાસિત છે.

—તંત્રી—દેશીરાજ્ય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ॐ नारायण

પરમહંસ શ્રી સ્વામી રામતીર્થના ઉપદેશ સ્વરૂપ
મહાગૂજરાતની સંસ્કારી પ્રજાનું

# ધાર્મિક માસિકપત્ર 'ઉત્થાન'

તંત્રી – સ્વામી શ્રી. સ્વયંજ્યોતિ તીર્થ

જોરદાર લખાણનાં દર મહિને પૃષ્ઠ ૮૦. વરસ દહાડે પૃષ્ઠ ૯૬૦; છતાં
વાર્ષિક લવાજમ **માત્ર રૂા. ૩–૮–૦ પોસ્ટેજ સાથે**
સત્વર લવાજમ મોકલી ગ્રાહક તરીકે નામ નોંધાવી લ્યો.
ગમે ત્યારે ગ્રાહક થનારને વર્ષના બધા અંકો મોકલવામાં આવે છે

લખો—પ્રબન્ધક : 'ઉત્થાન'

**જ્ઞાન સાધન આશ્રમ—છોટાઉદેપુર** (પૂર્વ ગુજરાત)

# બાળક કોઇ પણ પત્ર સાથે જોડાયેલું નથી

સ્વતંત્ર રીતે ૧૯ વરસથી પ્રગટ થાયછે.

બાળક માસિક બાળકો માટે જ પ્રગટ થાય છે. સાદી ને સીધી ભાષા હોઇ આજના પ્રૌઢ–શિક્ષણના જમાનામાં અક્ષરજ્ઞાનની શરૂઆત કરનારાઓને તેમાંથી કંઇ કંઈ મળી રહેશે.
**છતાં લવાજમ વરસના ફક્ત રૂપિયા બે**
**તમારી સંસ્થા કે ઘરમાં બાળક અવશ્ય હોવું જોઇએ,**
કેમકે નિર્દોષ બાલુડાં **બાળક** વાંચવા ઘણાં આતુર હોય છે:
નવા વરસથી ઘણો ફેરફાર થયો છે.

**'બાળક' કાર્યાલય,** રાવપુરા—**વડોદરા**

**આરોગ્ય, વ્યાયામ અને તંદુરસ્તી વિષયક સંપૂર્ણ અને સચિત્ર માહિતી સતત ૨૬ વર્ષથી આપતું માસિક**

# વ્યાયામ

**વાર્ષિક લવાજમ – હિંદમાં રૂા. ૨–૮–૦ પરદેશ શિલિંગ–૫.**

શરીર તંદુરસ્તી સિવાય બધું નકામું છે. શરીરને તંદુરસ્ત, નિરોગી અને સશક્ત કેવી રીતે બનાવવું અને આરોગ્ય પ્રાપ્ત કર્યા પછી તે કેવી રીતે ટકાવી રાખવું, તે **વ્યાયામ** વાંચવાથી પણ જાણી શકાશે.

આપના ઘરમાં, આપની લાયબ્રેરીમાં કે આપની વ્યાયામશાળામાં તેને બોલાવો; તે આપને યોગ્ય અને સાચી સલાહ આપશે. વર્ષના રૂ. ૨–૮–૦ ના બદલામાં, વર્ષ આખરે દાક્તરનાં બીલ માટે, ખર્ચાતી મોટી રકમનો તે બચાવ કરશે.

**ગમે તે માસથી તેના ગ્રાહક થઇ શકાય છે.**

લખો:– વ્યવસ્થાપક: **વ્યાયામ કાર્યાલય,**
મજમુદારનો વાડો, રાવપુરા, વડોદરા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગુજરાતે કદી ન નિહાળ્યું હોય એવું અજોડ ગ્રન્થ–સાહસ

# પ્રિયદર્શી

યા ને

# સમ્રાટ સંપ્રતિ

જગત આજ લગી એમ માનતું આવ્યું છે કે પ્રિયદર્શી એ અશોકનું ઉપનામ છે ને શિલાઓ તથા સ્થંભો પર કોતરાયલી વિશ્વવિખ્યાત ધર્મલિપિઓ તેની છે.

પણ આ ગ્રન્થ વાંચીને તમે એકે અવાજે કબૂલશો કે અશોક તો પ્રિયદર્સિની પૂર્વે થઇ ગયો છે ને શિલાલેખોનો કોતરાવનાર નૃપતિ સમ્રાટ સંપ્રતિ છે.

આ ગ્રન્થમાં પ્રાચીન ભારતવર્ષની ઐતિહાસિક શાસ્ત્રીય કાળગણના, પ્રિયદર્સિની બધી મૂળ ધર્મલિપિઓ ઉતારીને તેના અનુવાદો, તે પર જુદા જુદા વિદ્વાનોનાં મતમતાંતરો આપીને અભેદ્ય પ્રમાણો સાથે લખાયલી વિસ્તૃત નોંધો તથા પ્રિયદર્શી યાને સમ્રાટ સંપ્રતિનું વિસ્તૃત જીવનચરિત્ર સમાવેલ છે અપ્રગટ ગ્રન્થોના અનેક અકાટ્ય પુરાવાઓથી આ ગ્રન્થ કેવળ ગુજરાતનું જ નહિ, પણ ભારતવર્ષનું એક અમર સંપાદન બનશે. અને મૌર્યયુગના ઇતિહાસની નવરચના કરીને વિશ્વના ઇતિહાસક્રમમાં તે જ્વલંત ક્રાન્તિ આણશે.

આ ગ્રન્થ પચીશ વર્ષના સતત પ્રયત્નનું ફળ છે

હિંદ પર આક્રમણ કરનાર અલેકઝાંડરને સેન્ડ્રેકોટસ યાને ચંડાશાકે કેવા પ્રભાવથી પાછો વાળ્યો હતો અને પ્રિયદર્શી યાને સંપ્રતિએ વિશ્વભરમાં અહિંસાનો જે પ્રકાશ પાથર્યો હતો તે વાંચીને તમે સાહસ, દેશભક્તિ અને અહિંસા–વિજયનું જોમ અનુભવશો.

ગ્રન્થના પાછલા ભાગમાં અપાયલ સમજૂતિ, સૂચિ, કોઠા વગેરે વાચકને સહેલાઇથી બધી વિગતો સમજવામાં મદદગાર થશે.

સંખ્યાબંધ ચિત્રો, ડબલ ક્રાઉન સાઇઝનાં ૫૦૦ પાનાં છતાં, આ યુદ્ધના અંગે આવી પડેલી સખ્ત મોંઘવારી છતાં, અગાઉથી નામ નોંધાવનારને માટે કિંમત રૂ. ૫.

'પ્રાચીન ભારતવર્ષ' અને 'Ancient India'ના ગ્રાહકોને આ અદ્ભુત ગ્રન્થ રૂ. ૪–૦–૦ ની કિંમતે જ્યારે 'સુવાસ'ના ગ્રાહકોને તે રૂ. ૪–૮–૦ માં આપવામાં આવશે.

ભાદરવા સુદ પંચમીએ
પ્રગટ થશે.

આજેજ નામ નોંધાવો—
શશિકાન્ત એન્ડ કું.
રાવપુરા; વડોદરા

# સુવાસ

अज्ञानतिमिरान्धानां ज्ञानांजनशलाकया।
नेत्रमुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः॥

પુસ્તક ૫ મું ] મે : ૧૯૪૨ [ અંક ૧ લો


## પ્રકૃતિ

ચ.

**રજની** જ્યારે બિહામણી બને ત્યારે તેના વિશાળ લલાટમાં અમૃતઝરતા રસિકવર ચન્દ્ર તરીકે, પૃથ્વી પર જ્યારે તિમિરનાં વાદળ છવાઇ રહ્યાં હોય ત્યારે તેમને વિખેરી નાંખતા તેજસ્વી બાલસૂર્ય તરીકે, દિવાકરનું તેજ પણ અકારૂં થઇ પડે ત્યારે સોહામણી સંધ્યા તરીકે, નિશાથી કંટાળી જવાય ત્યારે કિલ્લોલતીઃ નવસુંદરી ઉષા તરીકે; શિશિરની તીક્ષ્ણ ઠંડીએ અંગ થીજી ગયાં હોય ત્યારે રસવર્ષી વસંત તરીકે, ગ્રીષ્મથી માનવી જળી રહ્યાં હોય ત્યારે જળદેવી વર્ષા તરીકે; પ્રજા જ્યારે દીન બને ત્યારે વિક્રમ સમા પ્રાણપૂરક નરવીર તરીકે, તે ઉચ્છૃંખલ બની હોય ત્યારે તેની સાન ઠેકાણે લાવનાર પરશુરામ સમા સંહારક મહારથી તરીકે, સૃષ્ટિ પર ધર્મની ગ્લાનિ થાય ત્યારે શ્રી કૃષ્ણચંદ્ર સમા અધર્મના ઉચ્છેદક તરીકે, હિંસા વ્યાપક બને ત્યારે અહિંસાના પરમ પ્રતીક સમા મહાવીર–બુદ્ધ તરીકે, અહિંસા કાયરતા પ્રગટાવે ત્યારે ચાણુકય કે પતંજલિ સમા યુદ્ધપ્રેમી મહર્ષિઓ તરીકે; કલા જીવન વાંછે ત્યારે યશસ્વી કલાકાર તરીકે, સંસ્કાર જ્યારે ભૂંસાતા જાય ત્યારે વિરલ સંસ્કારમૂર્તિ તરીકે, પવિત્રતા દૂર હઠતાં પવિત્રતાની પરમ વિભૂતિ તરીકે; માનવી સુખથી બેફામ બને ત્યારે દંડનાયક દુઃખ તરીકે, દુઃખથી તે દબાઇ જાય ત્યારે સોહામણા સુખ તરીકે; સ્ત્રીની સૌન્દર્યમયી સુકોમળ રસવેલને વિકસાવનાર પુરુષ તરીકે, તેના નિર્જન વન સમા ઉજ્જડ ખોળાને સ્મિતપુષ્પથી ભરી દેનાર શિશુ તરીકે, પુરુષની કઠોર એકલતાને પિયુષે ન્હવરાવનાર નારી તરીકે; રક્તમાંથી પણ દૂધની શેરો વહાવતી જનનીની દેહવેલ તરીકે; ઉપવનમાં સુગંધી પુષ્પ તરીકે, સાગરમાં મોતી તરીકે, શ્યામ આકાશમાં ટમકતા તારલા તરીકે, સર–સરિતામાં મીઠાં જળ તરીકે, પ્રાણીમાત્રમાં ચૈતન્ય તરીકે, વેરાન રણમાં અમૃતવીરડી કે સ્વર્ગીય શીતળ છત્ર સમા એકલ વૃક્ષ તરીકે–યુગે યુગે, પળે પળે અને પ્રસંગે પ્રસંગે પ્રગટવું એ–

પ્રકૃતિ કહો, પુરુષ કહો, પ્રભુ કહો–નો નિત્ય ધર્મ છે. સંધ્યાએ ગૃહ–મંદિરમાં દીપક પેટાવાય એટલો એ સહજ છે; ને સાગરમાંથી શોષાયલ જળ વર્ષાવેશે જેમ પાછું આવે, કૂવામાંથી પાણી ખેંચાતાં ભૂગર્ભમાંથી મીઠા નીરની સેરો વહે–એટલો એ સ્વાભાવિક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## સંવત્સર પ્રવર્તક-વીરશિરોમણિ
# શકારિ વિક્રમાદિત્ય

**ચીમનલાલ સંઘવી**

**'માનસી'**ના માર્ચ-૧૯૪૨ના અંકમાં શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીનો 'વિક્રમસંવત અને વિક્રમાદિત્ય' નામક એક લેખ પ્રગટ થયો છે. તે લેખમાં શાસ્ત્રીજીએ **'સુવાસ'**ના જાન્યુ.-૧૯૪૨ના અંકમાં પ્રગટ થયેલા 'સમ્રાટ વિક્રમ ને વિક્રમ-સંવત' લેખ પર ટીકાત્મક ચર્ચા કરી છે અને 'વિક્રમસંવત્સરનો પ્રવર્તક વિક્રમાદિત્ય ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં અવંતીમાં થઈ ગયો' એ વિધાનને ઐતિહાસિક દૃષ્ટિએ પ્રમાણરહિત જણાવીને તેમણે એ સંવત્સર સાથે સંકળાયલું 'વિક્રમ' નામ ઈ. સ. ની ચોથી સદીમાં થઈ ગયેલા ગુપ્તવંશીય સમ્રાટ ચન્દ્રગુપ્ત બીજાને આભારી છે એવા યુરોપીય સંશોધકોએ પ્રચારમાં આણેલા અને શાળામાં વિદ્યાર્થીઓને ભણાવવાનાં પાઠ્ય પુસ્તકોમાં મુદ્રાંકિત થયેલા મતને આગળ ધર્યો છે.

લેખની શરૂઆતમાં શાસ્ત્રીજી જણાવે છે કે-'એ લખાણમાં "ઇતિહાસના સંશોધકોએ આર્ય પ્રજાને અન્યાય કર્યો છે" વગેરેથી આરંભાતાં જે આક્ષેપાત્મક કથનો છે તે તો ઉપેક્ષણીય છે.' પરંતુ આર્યાવર્તનો ઇતિહાસ ઘડવા નીકળેલા યુરોપીય ઇતિહાસકારોએ અને તેમને અનુસરનારા હિંદી સંશોધકોએ હિંદની આર્ય પ્રજાને અને એનાં શાસ્ત્રીય પ્રમાણોને અન્યાય કર્યો છે તે વિષે બેમતને સ્થાન હોઇ જ ન શકે. મૌર્યવંશનો ઇતિહાસ રચતાં યુરોપિયનોએ વૈદિક, જૈન ને બૌદ્ધ-હિંદના એ ત્રણે મહાન ધર્મોના પ્રમાણભૂત શાસ્ત્રીય ગ્રન્થોમાં ગૂંથાયલા વ્યવસ્થિત ક્રમની અવગણના કરીને અથવા તો એના સુઘટિત જ્ઞાનના અભાવે કલ્પનાથી ઝગમગતી ગ્રીક દંતકથાઓ પર વધારે આધાર મૂક્યો.[1] ને છતાં હિંદી ઇતિહાસકારોએ એ રચનાને વધાવી લીધી છે તે સર્વવિદિત છે.

એ જ રીતે યુરોપીય સંશોધકોની ભૂલભરેલી કાળગણનામાં ઇ. સ. પૂર્વે પહેલી સદીમાં અવંતીમાં વિક્રમ નામે કોઈ રાજા રાજ્ય કરતો હોય તે ન જણાયું એટલે તેમણે ભારતની

---

૧. તે દંતકથાઓના આધારે ઘડાયલા હિંદી ઇતિહાસમાં અલેકઝાંડરે હિંદમાં મેળવેલા વિજય અંગે અનેક બણગાં ફુંકાયાં છે પરંતુ ફ્રેન્ચ એકેડેમીના પ્રમુખ ને વિશ્વવિખ્યાત ઇતિહાસકાર સી. રોલીન એ વિગતો કેટલી કાલ્પનિક છે તે જણાવતાં લખે છે કે:-

'Alexander's conquests in India by no means deserve the credit vulgarly attached to them. The intention of conquering the Prassi i. e. the great kingdom of Magadh on the Ganges, with which tradition has credited him, is a latter legend; for he knew nothing of the Ganges or Magadh.

**Ancient History** Vol. II P. 190-191

એ જ રીતે ઉપલી દંતકથાઓમાં કયાંક કયાંક વપરાયલા સેન્ડ્રેકોટસ શબ્દ અને સર વીલિયમ જોન્સે એ શબ્દની ચન્દ્રગુપ્ત સાથે કરેલી સરખામણીને અનુસરીને હિંદની ઐતિહાસિક કાળગણનાના પાયા તરીકે અલેકઝાંડર સાથેની ચન્દ્રગુપ્તની સમકાલિકતા સ્થાપવામાં આવી. પરંતુ હિંદના પુરાવસ્તુ-સંશોધનખાતાના માજી નાયબ અધિકારી બાબુ પી. સી. મુકરજી ઉપરોક્ત સરખામણી કેટલી અસંગત છે; જૈન, બૌદ્ધ, ને પૌરાણિક-ત્રણે કાલગણનાઓ ચન્દ્રગુપ્તનો સમય અલેકઝાંડરની ૫૫ વર્ષ પૂર્વે દર્શાવવામાં કેટલી એકમત છે; અલેકઝાંડરના આક્રમણ વખતે મગધમાં ચંડાશોક રાજ્ય કરતો હોવાનાં કેવાં અટળ પ્રમાણો મળે છે. તથા અશોકના નામે ચડાવાયલા શિલાલેખો સાચી રીતે તો સંપ્રતિના છે તેની વિગતવાર પ્રમાણોચિત ચર્ચા કરીને અંતમાં નિર્ણય આપતાં જણાવે છે કે-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમસ્ત પ્રજાઓના હૃદયમાં જડાયલા, જેનો સંવત્સર હજી લગી પણ હયાતિ ભોગવે છે એવા ભારતના મહાનમાં મહાન નૃપતિ વિક્રમાદિત્યને ઐતિહાસિક વ્યક્તિ તરીકે ગણવાનો ઇન્કાર કર્યો અને ઈ. સ. પૂર્વે ૫૬માં શરૂ થયેલા સંવત્સર સાથે સંકળાયલું વિક્રમ નામ ઈ. સ. ૩૭૫માં સિંહાસને આવેલા ચન્દ્રગુપ્ત બીજાને આભારી હોવાનો મત રજૂ કર્યો ને હિંદી ઇતિહાસકારોએ એ વિચિત્ર મતને અપનાવી લીધો. પ્રમાણભૂત હિંદી સાહિત્યમાં ગર્દભિલ્લ રાજવંશ અને વિક્રમાદિત્યનું વ્યક્તિત્વ અમર બનેલું હોવા છતાં હિંદી ઇતિહાસ-રચનામાં જ્યારે તેની અને પરિણામે હિંદની આર્ય પ્રજા અને તેનાં પ્રમાણોની જે અવગણના થાય છે અને તે સ્થળે પરદેશીઓની વિચિત્ર કલ્પનાઓને જે પસંદગી અપાય છે તે પ્રત્યે કેવળ અમને જ નહિ, પરંતુ તટસ્થ પરદેશી વિદ્વાનોને પણ વાંધો છે.[૨]

આટલા પ્રાસ્તાવિક વક્તવ્ય પછી હવે આપણે ઉપરોક્ત લેખમાં શાસ્ત્રીજીએ ઇ. સ. પૂર્વે પહેલી સદીમાં અવંતી-ઉજ્જૈયિનીમાં વિક્રમ નામે નૃપતિના અસ્તિત્વનો ઇન્કાર કરવામાં અને સંવત્સર સાથે સંકળાયલું વિક્રમ નામ ચોથી સદીના ગુપ્તવંશી સમ્રાટ ચન્દ્રગુપ્ત બીજાને આભારી છે એમ દર્શાવવામાં જે દલીલો વાપરી છે તે કેવી લૂલી, અભ્યાસરહિત અને અધૂરી છે તે વિચારીને મહાન વિક્રમાદિત્યના અજોડ વ્યક્તિત્વ પર પ્રકાશ પાથરવાનો પ્રયત્ન કરીએ.

'માનસી'ના ઉક્ત લેખમાં શાસ્ત્રીજી જણાવે છે કે-' વિક્રમસંવતના આરંભ વખતે ઉજ્જેનમાં કે કયાંય પણ વિક્રમાદિત્ય નામનો રાજા થઇ ગયા વિશે જૈનશ્રુતપરંપરા સિવાય કોઇ જાતનો ઐતિહાસિક પુરાવો આપણી પાસે નથી. એ વિક્રમાદિત્ય ખરેખર થયો હોય તો એનો કોઇ ઉત્કીર્ણ લેખ કે સિક્કો મળ્યો નથી. એટલું જ નહિ પણ પૌરાણિક શ્રુતપરંપરા કે બૌદ્ધ શ્રુતપરંપરામાં એ સમયમાં વિક્રમનું નામ મળતું નથી.'

શાસ્ત્રીજી જૈન કે બૌદ્ધ સાહિત્યથી અપરિચિત હોય તે સમજી શકાય તેવું છે, પરંતુ પૌરાણિક સાહિત્ય વિષે પણ તેઓ આટલા અનભિજ્ઞ છે તે તો ખરેખર વિસ્મયજનક છે. કેમકે પુરાણોમાં અનેક સ્થળે ઉક્ત વિક્રમ અંગેના ઉલ્લેખો મળી આવે છે:

**स्कंदपुराण** માં સ્પષ્ટ જણાવ્યું છે કે-'કલિયુગનાં ૩૦૨૦ વર્ષ[૩] વીત્યા પછી વિક્ર-

---

Thus the year 163 A. B. ( B. C. 380 ) as the year of the accession of the founder of the Maurya dynasty to the throne of Patliputra is established beyond the possibility of a doubt.........Rock-edicts belong to Samprati who was contemporary with the five Yona--kings of the then divided Greek Empire.

**The Indian Antiquary** Vol. XXXII, p. 227-233

[ વિશેષ પ્રમાણો માટે જુઓ પ્રાચીન ભારતવર્ષ--ભાગ બીજો ]

૨. Most scholars are *a priore* disinclined to believe in Indian tradition and some times prefer the most marvellous accounts of foreign authors to Indian lore.

**Prof. Sten Konow, Kharosthi Inscriptions**, p. XXVI

૩. કલિયુગ-સંવત્સર અને વિક્રમ-સંવત્સર વચ્ચે ૩૦૪૪ વર્ષનું અંતર છે. કલિયુગ-સંવત્સરની ચોક્કસ શરૂઆત ઈ. સ. પૂર્વે ૩૧૦૨ ના ફેબ્રુઆરીની ૧૮ મી તારીખની પ્રભાતથી થાય છે. [ પ્રમાણો માટે જુઓ— **भारतीय प्राचीन लिपिमाळा** અને 'સુવાસ' ફેબ્રુ. ૧૯૪૧ ] તેની સાથે આ શ્લોકને મેળવતાં અને વિક્રમાદિત્યે ૨૪-૨૫ વર્ષની વયે પોતાના સંવત્સરની શરૂઆત કરી છે તે લક્ષમાં લેતાં કલિયુગનાં ૩૦૨૦ વર્ષની આ સાલનો નિર્દેશ વિક્રમાદિત્યના જન્મને અનુલક્ષીને થયેલ હોવાનો સંભવ જણાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માદિત્યનું રાજ્ય પ્રવર્તશે.'[4]

भविष्यपुराण માં શાલિવાહનના પુરોગામી[5] તરીકે વિક્રમાદિત્યનો નિર્દેશ થયેલો છે.[6]

अग्निपुराण માં જણાવ્યું છે કે-'ગધરૂપ[7]પુત્ર વિક્રમ માળવાનો ગાદીપતિ થશે.'[8]

मत्स्यपुराण માં ગર્દભિલ્લવંશમાં[9] સાત નૃપતિઓ થયા હોવાનો ઉલ્લેખ મળે છે.[10]

આ રીતે પુરાણોમાં વિક્રમાદિત્યનો નિર્દેશ મળે છે એટલું જ નહિ, તેને ગર્દભિલ્લના પુત્ર તરીકે ઓળખાવાય છે અને તેનો સમય પણ શાલિવાહનની પૂર્વે-ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં જણાવાય છે.

બૌધ્ધ શ્રુતપરંપરામાં હજી લગી વિક્રમનું ચરિત્ર નજરે નથી પડયું એ વાત સાચી પણ તેનું કારણ વિક્રમના અસ્તિત્વ અંગેનો ઈન્કારભાવ નથી પરંતુ પુષ્યમિત્રના સમયમાં બૌધ્ધ સંઘને જે મરણતોલ ફટકો પડયો તે છે. ઇ. સ. ની આસપાસની બંને સદીમાં બૌધ્ધ સંઘનો પ્રભાવ આથમી ગયો હતો અને બૌધ્ધ સાહિત્યનો પ્રવાહ કરમાઈ ગયો હતો. તે સંયોગોમાં બૌધ્ધ સાહિત્યમાં વિક્રમ અંગે તાત્કાલિક નોંધો ન મળે તે સ્વાભાવિક છે. તેમ છતાં જેને

---

૪ ततस्त्रिषु सहस्रेषु विंशत्या चाधिकेषु च ।
भविष्यं विक्रमादित्यराज्यं सो ऽ थ प्रतप्स्यते ॥

**स्कंदपुराण**-कौमारखण्ड-४

૫. શાલિવાહને પોતાનો સંવત્સર મહાવીર સંવત ૪૯૬ ( ઈ. સ. પૂર્વે ૪૦ ) માં શરૂ કરેલો. [ પ્રમાણો માટે જુઓ ' સુવાસ ' ફેબ્રુ. ૧૯૪૧] છતાં તે મંતવ્યને બાજુએ રાખીએ તો પણ ઈ. સ. ૭૮ માં શરૂ થતા શકસંવત સાથે શાલિવાહન નામ જોડાયલું મળી આવે છે, તે પરથી તેનો સમય ઈ. સ. ૭૮ થી મોડો તો કોઈ પણ સંયોગોમાં સંભવી શકતો નથી. એટલે શાલિવાહનનો સમય આપણે ઈ. સ. પૂર્વે ૪૦ થી ઇ. સ. ૭૮ ની વચ્ચે મૂકી શકીએ. વિક્રમને તેના પુરોગામી તરીકે ઓળખાવીને ' ભવિષ્ય પુરાણ ' વિક્રમાદિત્ય ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં થઇ ગયો તે વિધાનને ટેકો આપે છે.

૬ एतस्मिन्नन्तरे तत्र शालिवाहनभूपति : ॥ १७
विक्रमादित्यपौत्रश्च पितृराज्यं गृहीतवान् । जित्वा शकान् दुराधर्षांश्चीन तैत्तिरि देशजान् ॥ १८

**भविष्यपुराण** ३-२-३५

૭ ગધરૂપ એ વિક્રમાદિત્યના પિતા ગંધર્વસેન યાને ગર્દભિલ્લનું રૂપાંતર જણાય છે.

૮ Princeps Journal IV, p. 668

૯ જૈન સાહિત્યકૃતિઓમાં પણ ગર્દભિલ્લ રાજવંશ સાત નૃપતિઓ લગી ચાલ્યો હોવાનો ઉલ્લેખ છે—૧ ગર્દભિલ્લ ( ઈ. સ. પૂર્વે ૭૪ થી ૬૧ ). ૨ શકસંરક્ષણ તળે રાજ્ય કરનાર અનામી નૃપતિ ( ઇ. સ. પૂ. ૬૧ થી ૫૭ ). ૩ વિક્રમાદિત્ય ( ઇ. સ. પૂર્વે ૫૭ થી ઈ. સ. ૩ ). ૪ ધર્માદિત્ય ( ઈ. સ. ૩ થી ૪૩ ). ૫ ભાઈલ્લ ( ઈ. સ. ૪૩ થી ૫૪ ). ૬ નાઈલ્લ ( ઈ. સ. ૫૪ થી ૬૮ ). ૭ નાહડ ( ઈ. સ. ૬૮ થી ૭૮ ). [ **विचारश्रेणि:-स्थविरावलि:** ] તે પછી, ઈ. સ. ૭૮ માં શકનૃપતિએ અવંતી પર વિજય મેળવી ગર્દભિલ્લ વંશનો નાશ કર્યો ને વિક્રમ સંવત ૧૩૫ ( ઈ. સ. ૭૮ ) માં પોતાનો સંવત્સર પ્રવર્તાવ્યો. [ पणतीसे वाससए विक्कमसंवच्छरस्स वोलीणे. પીટર્સન રિપોર્ટ. પુ. ૩ પૃ. ૨૬ ] આ રીતે વિક્રમના રાજ્યાભિષેક પછી ૧૩૫ વર્ષ લગી ને ૧૭ વર્ષ તેની પૂર્વે એમ કુલ ૧૫૨ વર્ષ લગી ગર્દભિલ્લ રાજવંશ ચાલ્યો. [ तह गद्दभिल्लरज्जं बावन्नसयं च पंच मासहियं-**विचारसार** ]

૧૦ सप्त गर्दभिलाश्चापि शकाश्चाष्टादशैव तु ।

**मत्स्यपुराण** - अ. २७३

બૌધ્ધ સાહિત્યની બાહ્ય શાખાઓ ગણી શકાય એવી પ્રાચીન કૃતિઓમાં વિક્રમનું ચરિત્ર ઓછા–વધતા પ્રમાણમાં મળી તો આવે જ છે:

બૌધ્ધ કવિ ગુણાઢ્ય[૧૧] શાલિવાહનની રાજસભાનો મહાકવિ હતો. તેણે વત્સપતિ ઉદયનના પુત્ર નરવાહનદત્તને મુખ્ય પાત્ર તરીકે ગૂંથીને પૈશાચિક ભાષામાં 'બૃહત્કથા' નામે એક વિસ્તૃત ગ્રન્થ રચેલો. તેમાં વિક્રમનું વિસ્તૃત ચરિત્ર આલેખાયલું. તે ગ્રન્થ પાછળથી સળગી ગયેલો જણાય છે. પણ કવિવર દંડીકૃત 'કાવ્યાદર્શ,' બાણભટ્ટ કૃત 'શ્રી હર્ષચરિત્ર' અને શ્રી જિનદાસગણિ મહત્તર કૃત 'વિશેષનિશીથ ચૂર્ણિ' સમા અતિ પ્રાચીન ગ્રન્થોમાં તે કથાના ઉલ્લેખો મળી આવે છે અને અગ્યારમી સદીમાં તે કથાના સારરૂપે ક્ષેમેન્દ્રે રચેલી 'બૃહત્કથામંજરી' અને સોમદેવે રચેલ 'બૃહત્કથાસારસંગ્રહ' આજે પણ મળી આવે છે, અને તે ગ્રન્થોમાં મહાન વિક્રમાદિત્યનું વિસ્તૃત ચરિત્ર પણ મળી આવે છે.

ઇ. સ. ૬૩૦ માં હિંદની યાત્રાએ આવેલા ચીનના બૌધ્ધ પ્રવાસી હ્યુએન્સંગે માળવામાં વિક્રમાદિત્યના જીવનચરિત્રની સ્મૃતિઓની નોંધ લખતાં તેને બુદ્ધ–નિર્વાણની દશમી સદીમાં થઇ ગયેલા મહાન વિજેતા ને અદ્વિતીય દાનેશ્વરી નૃપતિ તરીકે ઓળખાવેલ છે. કેટલાક વિદ્વાનોએ પોતે ગોઠવેલી બૌધ્ધ કાલગણનાનુસાર બુધ્ધ–નિર્વાણની દશમી સદી એટલે ઇ. સ. ની પાંચમી સદી ગણી લીધી અને હ્યુએન્સંગ પણ ચન્દ્રગુપ્તને જ વિક્રમાદિત્ય તરીકે ઓળખાવે છે એવો મત દર્શાવ્યો.[૧૨] પણ ચીનની પ્રત્યેક સાહિત્ય–કૃતિઓમાં, શાસ્ત્રોમાં અને પરંપરાગત પંચાંગોમાં બુધ્ધ નિર્વાણ ઇ સ. પૂર્વે ૯૪૯માં માનવામાં આવેલ છે.[૧૩] હ્યુએન્સંગે સ્વાભાવિક રીતે જ એ મતને અનુસરીને પોતાની નોંધ લખી હોય. એ મત માન્ય કરતાં જ ચીની બૌધ્ધ પ્રવાસીના મતે પણ વિક્રમાદિત્ય ઇ. સ. પૂર્વે પહેલી સદીમાં થઇ ગયેલ હોવાનું ઠરે છે.

બૌદ્ધ ધર્માવલંબી નેપાળની રાજવંશાવલીમાં વિક્રમ, શાલિવાહન અને ભોજ અંગે વિસ્તૃત નોંધો મળી આવે છે. તેમાં જણાવ્યા પ્રમાણે 'દ્વાપર યુગની પૂર્ણાહુતિના સમયે નેપાળમાં મહાદાનેશ્વરી વિક્રમાદિત્ય રાજા રાજ્ય કરતો હતો. બત્રીશ પૂતળીની વાર્તામાં ગૂંથાયલા પ્રસંગો તેના જીવનને આભારી છે. તે વિક્રમે મરતી વેળા પ્રતિજ્ઞા કરેલી કે પોતે હવે પછી ભારતની મુકિતને માટે અવંતીમાં અવતરશે. તે પ્રતિજ્ઞાનુસાર ત્રણ હજાર વર્ષ વીતી ગયા પછી અવંતીમાં વિક્રમાદિત્ય જન્મ્યો. તેણે શકોને હરાવી પ્રજાને મુકત બનાવી ને પોતાનો સંવત્સર પ્રવર્તાવ્યો. સમય જતાં તેણે નેપાળ પર આક્રમણ કર્યું ને ત્યાંના નૃપતિ અંશુવર્મા પર વિજય મેળવ્યો અને નેપાળમાં પણ પોતાનો સંવત્સર પ્રચલિત કર્યો.'

પ્રાચીન કાળમાં બૌધ્ધ અવશેષોના ભારતીય નિવાસસ્થાન સમા કાશ્મીરની સર્વશ્રેષ્ઠ ઐતિહાસિક કૃતિ 'રાજતરંગિણી' માં મ્લેચ્છ–વિજેતા ને શકસંહારક ભારતીય સમ્રાટ વિક્રમાદિત્યે કાશ્મીરમાં પોતાના સૂબા મંત્રીગુપ્તને અધિકાર સોંપેલ હોવા અંગેનો ઉલ્લેખ મળી આવે છે.

વિક્રમાદિત્યનો પોતાનો શિલાલેખ કે 'વિક્રમ' નામથી અંકિત થયેલ સિક્કો હજી લગી મળી

---

૧૧ ગુણાઢ્ય શાલિવાહનનો સમકાલિક હોઇને દેખીતી રીતે જ શાલિવાહનનો સમય એજ એનો સમય હોય, ને શાલિવાહનનો સમય મોડામાં મોડો ઇ. સ. ૭૮ છે. વિશેષ માટે જુઓ ઉપરની ફૂ. નો. ૫.

૧૨ The Journal of the Bihar and Orissa Research Society. Vol. XIV. pt. II

૧૩ Chinese Buddhists say that Buddha died in a year which corresponds to 949 B. C. **Buddhist China** p.–29

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવેલ નથી એટલા જ ખાતર એના વ્યકિતત્વનો ઇન્કાર કરવો કે એના સંવત્સરને અન્યના નામ પર ચડાવી દેવો એ તો ખરેખર ઐતિહાસિક પ્રમાણુવાદનું અજીર્ણત્વ છે. છતાં શિલાલેખો અને સિક્કા પણ વિક્રમના વ્યકિતત્વને પ્રકાશિત કરવામાં કેટલા મદદગાર બને છે તે અહીં અવલોકી જઇએ.

ઈ. સ. પૂર્વે ૫૭ માં કારૂરના [૧૪] મહાયુદ્ધમાં શકો પર વિજય મેળવીને વિક્રમાદિત્યે પોતાનો રાજ્યાભિષેક ઉજવ્યો અને તે જ સમયે પ્રજાને ઋણમુકત[૧૫] બનાવી તેણે નવો સવંત્સર પ્રવર્તાવ્યો. શરૂઆતમાં [૧૬] તે સંવત માલવગણસંવત, [૧૭] કૃતસંવત [૧૮] અથવા માલવેશ સંવત[૧૯]ના નામે

---

૧૪ કારૂરના મહાયુધ્ધમાં વિક્રમાદિત્યે શકોને હરાવ્યા અંગેની નોંધ હ્યુએન્સંગ તેમજ આલ્બેરૂનીએ પણ લીધી છે. દંતકથાઓ અને નાશિકના શિલાલેખોના આધારે જોઇ શકાય છે કે કારુરનું યુધ્ધ શકારિ વિક્રમાદિત્ય અને શકો વચ્ચે ઇ. સ. પૂર્વે પહેલી સદીમાં ખેલાયું હતું. [ Tradition is strong in ascertaining that Vikramaditya defeated alien Sakas near **Karur** and established his era ··· J. A. H. R. S. Vol. II. 1–64 ] જ્યારે ગુપ્તતંશી ચન્દ્રગુપ્ત બીજાએ તો શક ( ખસ )–ક્ષત્રપોનો નાશ હિમાલયની તલેટીમાં કાર્તિકેય નગરની સમીપમાં કર્યો હતો. ( જુઓ 'સુવાસ' એપ્રિલ–૧૯૪૨ )

૧૫ આર્ય પ્રથાનુસાર પ્રજાને ઋણમુકત બનાવ્યા પછી જ નવા સંવત્સરની સ્થાપના થઈ શકે છે. શાલિવાહને પણ પોતાનો સંવત્સર શરૂ કરતાં પહેલાં પ્રજાને ઋણમુકત બનાવેલી. [तदनु सातवाहनो ऽ पि क्रमेण दक्षिणापथमनृणं विधाय तापीतीरपर्यन्तं चोत्तरापथं साधयित्वा स्वकीय **संवत्सरं** प्रावीवृतत्–**प्रतिष्ठानपत्तन कल्प** ]

૧૬ કેટલાક વિદ્વાનો એવો મત ધરાવે છે કે શરૂઆતમાં ૧૩૫ વર્ષ લગી તો આ સંવત વિક્રમ સંવતના નામે જ ઓળખાયલો ને પછી તે કૃતસંવત, માલવગણસંવત ઇત્યાદિ નામે ઓળખાવા લાગ્યો ( J. B. B. R. A. S. Vol. XIV, p. 22 તેમજ શ્રી ગણપત કૃષ્ણાજી કૃત શક ૧૮૦૦ નું પંચાંગ ) કાલકાચાર્ય–કથા આ વિધાનને મદદરૂપ બને તેમ છે. કેમકે તેમાં જણાવ્યા પ્રમાણે વિ. સં. ૧૩૫ માં વિક્રમાદિત્યના વંશજ પર શકપતિએ જ્યારે વિજય મેળવ્યો ત્યારે તેણે પોતાનો નવો શકસંવત્સર પ્રવર્તાવીને વિક્રમસંવત્સરને દબાવી દીધો.

૧૭ मालवानां **गण**स्थित्या याते शतचतुष्टये ।

( મંદસૌરનો કુમારગુપ્તનો શિલાલેખ )

નવા સંવત્સરની શરૂઆત કરતાં કોઈ પણ લોકનાયક તેની સાથે પોતાનું નામ સાંકળવાને બદલે તેની સ્થાપનામાં જે વર્ગ પોતાને મદદગાર બન્યો હોય તેનું જ નામ સાંકળે છે, ( દા. ત. મુસોલિનીએ ઇટલીમાં સ્થાપેલો નવો સંવત્સર આજે ફેસીસ્ટ સંવત્સરના નામે ઓળખાય છે. ) તે ધોરણે વિક્રમે પોતે સ્થાપેલા સંવત્સરને સૈન્ય, સામંતો ને પ્રજાનું સન્માન વધારવાને 'માલવગણસંવત' નામ આપ્યું હોય તો તેમાં કંઇ અયુકત નથી.

પ્રો. શેમ્બાવ્નેકરે અહીં **गण** નો અર્થ સમૂહના સ્વરૂપમાં નહિ પણ 'ગણના'ના સૂચક તરીકે દર્શાવવાને પ્રયત્ન કર્યો છે. ( Journal ol Indian History Vol. X pt. 2 )

૧૮ **कृतेषु** चतुर्षु वर्षशतेष्वेकाशीत्युत्तरेष्वस्यां मालवपूर्वायां ।

( મધ્યમિકા નગરીનો શિલાલેખ )

વિક્રમાદિત્યે કલિયુગને કૃતયુગમાં ફેરવી નાંખ્યો એમ દર્શાવવાને માલવગણેજ તેને કૃતસંવત્સર તરીકે ઓળખાવેલ હોવાનો સંભવ છે.

૧૯ संवत्सर शतैर्यातैः सपंचनवत्यर्गलैः सप्तभि**र्मालवेशानां** ।

(કણુસ્વાના શિવમંદિર પરનો શિલાલેખ)

માલવેશ એ મહાન વિક્રમાદિત્યને માટે જ વપરાયલ શબ્દ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઓળખાયો પણ વખત જતાં ધીમે ધીમે તેની સાથે વિક્રમ [૨૦] નામ જોડાયું અને તે જ નામે તે સંવત અમર બન્યો. પ્રાચીનકાળમાં તે વિક્રમના નામ સાથે વપરાશમાં હોવાનાં શિલાલેખીય પ્રમાણો હજી લગી વિ. સં. ૧૦૩,[૨૧] વિ. સં. ૧૫૦, [૨૨] વિ. સં. ૨૨૩ [૨૩] ને વિ. સં. ૪૮૦ [૨૪] –એમ ચાર જ મળી આવ્યાં છે. પણ સાતમી સદી પછી તો તે સતત વપરાતો જોવામાં આવે છે.

કેટલાક વિદ્વાનો આ સંવત્સર સાથે સંકળાયલું 'વિક્રમ' નામ ગુપ્તવંશી ચંદ્રગુપ્ત બીજાને આભારી હોવાનું જણાવે છે તે વિ. સં. ૧૦૩, ૧૫૦ ને ૨૨૩ ના ઉપરોક્ત નિર્દેશોથી અસંભવિત બની જાય છે કેમકે ચન્દ્રગુપ્ત તો સિંહાસને જ વિ. સં. ૪૩૨માં આવ્યો હતો. છતાં કોઈ વિદ્વાન ઉપરોક્ત નિર્દેશોને પણ માન્ય ન રાખવાનો આગ્રહ સેવે તો તેને પ્રશ્ન એક જ પૂછી શકાય કે– 'ભારતવર્ષની જે પ્રજાઓને અવંતિપતિ વિક્રમ પત્યે સન્માન નહોતું તેઓ હજારો વર્ષ થયાં વિક્રમસંવતને ખરસંવત્સર [૨૫] તરીકે ઓળખે છે તેનો તમે શો ખુલાસો આપો છો ? '

'વિક્રમાદિત્ય' નામ સાથે હજી લગી ઈ. સ. પૂર્વે પહેલી સદીના સિક્કા નથી મળી આવ્યા તે વાત સાચી પરંતુ જયપુર પાસેના કર્કોટક નગરમાં 'मालवानां जयः' એ શબ્દો સાથે મળી આવેલા ઇ. સ. પૂર્વે પહેલી સદીના સિક્કાઓ વિક્રમના જ સિક્કા હોવાનો પૂરતો સંભવ છે. કેમકે તેણે જેમ સંવત્સરમાં માલવગણને મહત્ત્વ આપ્યું તેમ સિક્કામાં પણ એને જ મહત્ત્વ આપ્યું હોય તો તે અયુક્ત નથી.

તે ઉપરાંત પ્રાચીન સમયના જે સિક્કાઓ 'ગધૈયા'ના [૨૬] નામે ઓળખાય છે તે તથા ઉજ્જયિનીમાંથી ચંદ્ર અને સ્વસ્તિકનાં ચિન્હો સાથે જે પ્રાચીન સિક્કા મળી આવેલ છે તેને વિક્રમ સાથે સંબંધ ન હોઈ શકે એમ તો કહી શકાય તેમ નથી જ.

આ રીતે પૌરાણિક તેમજ બૌદ્ધ શ્રુતપરંપરા અને શિલાલેખો તેમજ સિકકાઓ પર દૃષ્ટિપાત કર્યા પછી હવે આપણે શાસ્ત્રીજીની બીજી દલીલો તપાસીએ.

---

૨૦ જુદા જુદા ચૌદ મહાન હિંદી રાજવીઓએ 'विक्रमादित्य' નું બિરુદ ધારણ કર્યું છે. (હિન્દી વિશ્વકોશ પુ. ૨૧ તથા પ્રા. ભા. ભા. ૪) તેમાંથી આ સંવત્સર સાથે સંકળાયલું 'વિક્રમ' નામ ઇ. સ. પૂર્વે પહેલી સદીમાં અવંતીના સિંહાસને શોભતા ગર્દભિલ્લવંશી 'વિક્રમાદિત્ય' નું જ સૂચક છે.

૨૧ પંજાબમાં વિક્રમ–સંવતનું સૂચન કરતો ગોંડાફર્સનો સં.૧૦૩ નો શિલાલેખ (Indian Review–1932 અને સાતમા પૌર્વાત્ય પરિષદનો અહેવાલ)

૨૨ संवत्सर शते पंचाशता श्री **विक्रमार्क**तः। साग्रे जाक्कुटिनोध्धारे श्राध्धेन विहिते सति ॥
श्री रैवताद्रिमूर्धन्यश्रीनेमिभवनस्य च ।

('પ્રભાવકચરિત્ર' માં ઉધ્ધૃત કરાયલી ગિરનારના મઠની પ્રશસ્તિ)

૨૩ ડૉ૦ અલ્તેકરનું તામ્રપત્ર, જુઓ सरस्वती ઓક્ટો. ૧૯૪૧.

૨૪ દત્તકુશલી નામના ગૂર્જર–નૃપતિનો બક્ષિસ–લેખ. 'બુદ્ધિ પ્રકાશ' જુલાઇ–૧૯૨૯.

૨૫ મહારાષ્ટ્રનાં પંચાંગોમાં પ્રાચીન પરંપરાથી ઇ. સ. પૂર્વે ૫૭ માં શરૂ થતા સંવત્સરને માટે 'ખર–સંવત્સર' પ્રયોગ વપરાય છે. વિક્રમ ગર્દભિલ્લવંશનો હોઇને તેના વિષયમાં એ નામ યથાસ્થાને છે.

૨૬ Old Gadhai–Pysa or as–smoney have been found in various parts of Western India ( J. A. S. B. Dec. 1835 ) It was certainly the coinage of Garddabha princes ( Wilson )

આ ઉપરાંત શૂદ્રકના 'મૃચ્છકટિક' નાટકમાં જે 'ગધ્ધી' પ્રયોગ આવે છે તે પણ ગર્દભિલ્લ રાજવંશના સિક્કાઓને અનુલક્ષીને હોવાનો પૂરતો સંભવ જણાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

'માનસી'ના ઉકત લેખમાં આગળ વધતાં શાસ્ત્રીજી કહે છે કે, 'જે જૈન ગ્રન્થોમાં વિક્રમની કથા મળે છે તે...વિક્રમના તેરમા–ચૌદમા શતકમાં રચાયા છે. એકાદ ઉલ્લેખ બારમા કે બહુ તો અગિયારમા શતકના ગ્રન્થમાંય મળી આવે છે.'

શાસ્ત્રીજીના આ વિધાન પરથી એમ જણાય છે કે તેમને જૈનોના પ્રાચીન સાહિત્યનો ખ્યાલ નથી. અને આગળ વધીને તેઓ જ્યારે 'કથાસરિત્સાગર' સમા જે જૈનેતર ગ્રન્થોમાં વિક્રમનું ચરિત્ર મળી આવે છે તે પણ અગિયારમી સદીના હોઇને એવો અભિપ્રાય દર્શાવે છે કે,–'એ જોતાં ૧૧ મા શતકમાં દાનવીર અને સાહસિક રાજા વિક્રમાદિત્યની અનેક કથાઓ પ્રચારમાં આવી હતી એ ચોકકસ જણાય છે.' ત્યારે તો ખરેખર હસવું આવે છે. કેમકે ચોથી સદીથી આરંભીને આજલગીના હજારો જૈન ગ્રન્થોમાં ને પહેલી સદીથી આરંભીને આજ પર્યન્તના સંખ્યાબંધ જૈનેતર ગ્રન્થોમાં દાનવીર ને સાહસિક રાજા વિક્રમાદિત્યનું ચરિત્ર ગૂંથાયલું છે. તેમાંથી દૃષ્ટાંતરૂપ થોડાક ગ્રન્થો પર અહીં નજર નાંખી જઇએ.

શાલિવાહનનો મોડામાં મોડો સમય ઇ. સ. ૭૮ હોવાનું તો આપણે અગાઉ વિચારી ગયા છીએ (જુઓ ફૂ. નો. ૫) તે શાલિવાહને સ્વયં સંપાદિત કરેલા અમર ગ્રન્થ 'गाथासप्तशती'માં મહાન વિક્રમાદિત્યના દાનની શૃંગારિક શ્લેષાત્મક પ્રશંસા કરતાં શાલિવાહન એક મુક્તકમાં લખે છે કે–

'(**વિક્રમાદિત્ય**) જેમ અપૂર્વ કાવ્યકૃતિના રસથી સંતુષ્ટ બનીને (કવિના) હાથમાં (કાવ્યના) ચરણદીઠ લક્ષ (લાખ સોનામહોર) આપતો હતો તેમ તે (સુંદરી) સંયોગસુખના રસથી તુષ્ટ બનીને તારા હાથમાં ચરણ–લક્ષ (પ્રાચીન કાળમાં રૂપસુંદરીઓ ચરણતળમાં લાક્ષારસ ચોપડતી હતી) આપતાં **વિક્રમાદિત્યના** ચરિત્રનું અનુકરણ કરી રહી છે.'[૨૭]

મહાકવિ ગુણાઢય શાલિવાહનનો રાજકવિ હતો. તેણે પૈશાચિક ભાષામાં રચેલી 'बृहत्कथा' માં વિક્રમાદિત્યનું વિસ્તૃત ચરિત્ર આલેખાયું હતું. તે ગ્રન્થ આજે નથી મળતો પણ પાંચમી–છઠ્ઠી સાતમી સદીના પ્રાચીન ગ્રન્થોમાં તેનો ઉલ્લેખ મળે છે (જુઓ પૃ. ૫). તથા ઉકત કથાના સારરૂપે ક્ષેમેન્દ્રે રચેલી 'બૃહત્કથામંજરી' અને સોમદેવે રચેલ 'બૃહત્કથાસારસંગ્રહ (કથાસરિત્-સાગર)' માં આજે પણ વિક્રમાદિત્યનું ચરિત્ર મળી આવે છે. આ 'કથાસરિત્સાગર' શાસ્ત્રીજી ધારે છે તેમ અગિયારમી સદીની કોઇ સ્વતંત્ર કૃતિ નથી, પરંતુ પહેલી સદીમાં રચાયલ 'बृहत्कथा'નો સાર છે.

વિક્રમની ચોથી સદીમાં[૨૮] રચાયલા 'तित्थोगाली पइन्नय' નામે ઐતિહાસિક જૈન ગ્રન્થમાં ગર્દભિલ્લવિજેતા શકોની પછી સિંહાસને આવેલા વિક્રમાદિત્યે પ્રવર્તાવેલ સંવત્સર અને મહાવીર સંવત્સર વચ્ચે ૪૭૦ વર્ષનું અંતર[૨૯] હોવાનો નિર્દેશ છે.[૩૦] (ચાલુ)

---

૨૭ संवाहणसुहरसतोसिएण देन्तेण तुह करे लक्खम् ।
चलणेण **विक्कमाइत्त**चरिअं अणुसिक्खिअं तिस्सा ॥

૨૮ જુઓ કાશીની 'નાગરી–પ્રચારિણી–પત્રિકા' (પુ. ૧૦ અં. ૪)માં મુનિ શ્રી કલ્યાણવિજયજીનો 'વીર-નિર્વાણ સંવત ઔર જૈન કાલગણના' નામક નિબંધ.

૨૯ મહાવીર–સંવત ઈ. સ. પૂર્વે ૫૨૭માં શરૂ થાય છે, વિક્રમ સંવતની શરૂઆત તેની પછી ૪૭૦ વર્ષે=ઈ. સ. પૂ. ૫૭

૩૦ तह गद्दभिल्लरज्जं तेरस वासे सगस्स चऊ ॥
विक्कमरज्जरंभा परओ सिरिवीरनिव्वुई भणिया ।
सुन्न–मुणि–वेद (४७०) जुत्तो विक्कमकालाउ जिणकालो ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અસ્ત

પુષ્કર ચંદરવાકર

[ એકાંકી નાટિકા ]

**પાત્રો—**

**મુઝફ્ફરશાહ પહેલો**–ગુજરાતનો છેલ્લો સૂબો
**અહમ્મદશાહ**–મુઝફ્ફરનો પૌત્ર–ગુજરાતનો સુલતાન
**રોશન**–મુઝફ્ફરની પરિચારિકા

[ પાટણના શાહી કેદખાનામાં સંગેમરમરનું તખ્ત છે, તખ્ત પર મસનદ બિછાવેલ છે. મસનદ પર રેહાલ છે. રેહાલમાં કુરાને શરીફ ખુલ્લું પડેલ છે. તખ્તના એક પડખે અગરદાન છે. બીજા પડખે લોબાનદાની છે. તખ્તના પાયમાં શાહી હુક્કો છે.

આ બધા વચ્ચે ગુજરાતનો બુઝર્ગ બલન્દ પેશાની સુલતાન મુઝફ્ફર હાથમાં તસ્બીર લઈ શાંત ચિત્તે ફરે છે. મોં પર સફેદ દાઢી ને મૂછો, માથામાં–અડધા માથામાં તાલ ને ઝુલ્ફાં છે. માથું ખુલ્લું છે. આંખો ઝીણી છે. આંખોમાં સફેદ સોયરો છે. મોં પર કરચલીઓ છે. મુઝફ્ફરે સફેદ ને સાદો જામો તથા ઢીલો પાયજામો પહેર્યો છે. કેદખાનામાં છે, છતાં ય મોં પર દુઃખ નથી પણ પ્રસન્નતા છે. દેહ માંસલ છે.

મુઝફ્ફરશાહ તસ્બીર ફેરવતો ફેરવતો શાહી કેદખાનામાં ઘૂમે છે. રોશન પ્રવેશે છે. રોશન આવી તખ્તની બાજુમાં ઊભી રહે છે. ]

મુઝફ્ફરશાહ : બેટી, આફતાબ આસ્માનમાં છે ?

રોશન : બાબાજાન, તેની પણ છેલ્લી ઘડી છે. જુઓ તો ખરા, બાબાજાન! તેને જવું છે તેથી તે કેટલો ભવ્ય ને પ્રફુલ્લ બન્યો છે !

મુઝફ્ફરશાહ : રોશન વખત ખૂબ ચાલ્યો ગયો. (હસીને) બહિન ! આખો દિવસ કયાં સંતાઇ રહી હતી ? બાબાજાનને ભૂલી ગઈ હતી ?

રોશન : અબ્બાજાન, ખોટું મા લગાડો. અબ્બાજાન જ મારા રૂહમાં છે. પણ સુલતાન અહમદશાહ આજે યુધ્ધે ગયા તેથી ઝનાનખાનામાં મારે રોકાવું પડ્યું, અબ્બાજાન !

મુઝફ્ફરશાહ : બેટો યુધ્ધે ગયો ? રોશન, મહમ્મદ કરતાં અહમદ ગુજરાતને વધુ નહીં દીપાવે ?

રોશન : દાદાજાન, બચ્ચું તો હાથીનું છે ને ! મહમ્મદશાહ કયાં યુદ્ધ લડવા નહોતા ગયા ? શાહ યુદ્ધ નહીં લડે ત્યારે યુદ્ધ લડશે કોણ ? દાદાજાન, તમે ભૂલો છો. અહમ્મશાહ પુત્ર કોનો ?

મુઝફ્ફરશાહ : બેટી, ભલે તેણે ભૂલ કરી. ભલે મને આ કેદખાનામાં નાખ્યો. એ થયું છે જુવાનીના તોરમાં. પણ મહમ્મદ જેટલી ગાંડી જુવાની નથી. માટે જ કહું છું–( હસીને ) નજુમી કહે છે આ સુલતાન ગુજરાતને દીપાવશે.

રોશન : દાદાદાજાન, ગુજરાત ગાંડી છે તો પછી ગુજરાતનો સુલતાન શેનો ડાહ્યો હોય ? ડાહ્યો સુલતાન દાદાજાનને આમ કેદ પૂરે !

મુઝફ્ફરશાહ : બેટી ! કયા જુવાન ફરઝન્દે આ ભૂલ નથી કરી ? તવારિખોનાં પાનાંઓ એ ભૂલથી ભરેલ છે. તો પછી અહમ્મદ એ ભૂલ કરે તેમાં શી નવાઇ ? ગુજરાતનો છેલ્લો સૂબો જાફરખાન કેદખાને હોય તેમાં આશ્ચર્ય શેનું !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રોશન : પણ આ દાદાજાનને કેદખાને ન પૂરાય. દિલદરિયાવને કાજે બન્ધન ન હોય, દાદાજાન !

મુઝફ્ફરશાહ : બેટી ઝિન્દગી એક કેદખાનું છે. એ કેદખાનામાં રહીને પણ આદમજાતે રૂહના અતાલિકને ન ભૂલવો જોઇએ. બેટી ! રોશન ! હું જુવાનીમાં અતાલિકને–પરવરદિગારને વીસરી ગયો હતો. તેણે મને ઠોકર મારી મારી ફરજ પર મૂકયો. ( મુઝફ્ફરશાહ તખ્ત પર બેસે છે. )

રોશન : અબ્બાજાન, સુલતાનને ભલે તમારી જરૂર ન હોય પણ તમારી જરૂર ગુજરાતને છે. ગુજરાતનાં ગાંડાં તમારે દૂર કરવાનાં છે. ગુજરાતનાં ગાંડાં દૂર કરવા સુલતાનને તમારે દોરવા પડશે. ગુજરાતનો સુલતાન હજુ કૂમળો છોડ છે.

મુઝફ્ફરશાહ : બેટી, એ સર્વથી થાકી ગયો છું. તેધ પર હાથ મૂકતાં દેવતા ચંપાય છે. મને ફરી એ શાહી પાઘ મૂકતાં થરથરાટ થાય છે. બેટી ! જાફરખાન માટે કેદખાનું ઉત્તમ છે. મુઝફ્ફર પ્રજાનો પિતૃત્વ દાવો ખેંચી માત્ર અહમ્મદનો અબ્બાજાન રહે તે જ મારી મુરાદ છે.

રોશન : સુલતાન, એ મુરાદ શાહનું ખ્વાબ છે. તે ખ્વાબ જ જાણજો. ખ્વાબ કદી ય ખરાં પડયાં સાંભળ્યાં છે ? દાદાજાન, કૂમળા છોડના ઉછેરનું કામ હાથ ધરો, નહિ તો એ છોડ વિકૃત બનશે. વિકારનો કીડો એ છોડનાં પાંદડે પાંદડે અત્યારે તો ઘૂમી રહ્યો છે. દાદાજાન, નહીં તો અબ્બાજાનને કેદમાં તે કેમ પૂરે ?

મુઝફ્ફરશાહ : રોશન, બેટી, આ ભૂલ નથી. આને ભૂલ પણ ન કહેવાય. આ શાહી સબબ છે. રોશન, મારા દાદાજાન સુલતાન ન હતા નહીં તો હું પણ આ સબબને અનુસર્યો હોત. ( મુઝફ્ફરશાહ તસ્બીરને બાજુમાં મૂકે છે. અગરદાનમાંથી અગરના ધૂમ્રગોટ નીકળે છે. વાતાવરણ ધૂંધળું બને છે. )

રોશન : બાબાજાન, બંદગીનો વખત થયો છે. આફતાબનાં દીદાર થતાં નથી.

મુઝફ્ફરશાહ : ( હસીને ) બેટી, મને અત્યારે તું બંદગી માટે પૂછે છે. પણ જ્યારે મયદાને ઘૂમતો મુઝફ્ફર હતો ત્યારે સિપેહસાલારો બેરખની ગોઠવણ માટે આવતા, પૂછતા. રોશન ! કહે ! કોણ વધુ સુખી ? મુઝફ્ફર સુલતાન કે જાફરખાન કેદી ? અલ્લાહ દિલદરિયાવ છે. તે લઅનત કદી દેતો નથી. નહીં તો મારા જેવા વરૂને આ ખિલ્વત શેનો હોય ? સાપ જેમ કુંફાડતું જહન્નત આવે તો ય મને ખુદા શેનો યાદ આવે ! હું બન્દો બન્યો છું. બેટી, અહમ્મદશાહે મને પ્રકાશના માર્ગે દોર્યો છે.

રોશન : ( આસ્માનમાં નઝર કરી ) બાબાજાન. આફતાબ આસ્માનમાંથી ગયો. જુઓ જુમ્માનો ચાંદ દેખાય. ( આકાશમાં બંકસીંગી ચંદ્રનું સુલ્તાન મુઝફ્ફરશાહ દર્શન કરે છે. સાત સાત સલામો ચંદ્રને મુઝફ્ફરશાહ કરે છે. )

મુઝફ્ફરશાહ: રોશન, બેટી, પાણી લઈ આવ તો ! બંદગી કાજે હાથમોં ધોઇ લઉં. ( રોશન જાય છે. ) ખુદાતાલા ! મને મઆફ કરજે. તું જાણે છે કે હું નિર્દોષ છું. મહમદશાહ મારો રૂહ હતો. મેં એને બેહસ્તશીન નથી કર્યો. તે જ મારી ઝિન્દગીને બિયાબાં બનાવી ગયો. મારા ચશ્મનો સિતારો હવે છે મારો આ બાબાજાન...ખુદાઆ ! રહમ તો છે ને ! હું તારા પનાહે છું. રહમ કર ! રહમ કર ! મહમ્મદશાહ જેવું ગાંડપણ આ સુલતાનને ન આવે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(પશ્ચિમમાં માથું ઝુકાવી-ઘૂંટણીએ પડી.) આલમકલંદરો !આ સુલતાનિયતમાંથી મને મુકત કરો. બાબાજાનની સંભાળ માટે રૂખસદ આપો ! તેઘના અવાઝો ! અરે ! મારાથી તમારૂં તાંડવ નથી જોવાતું. જાવ, મારા રૂહચશ્મથી દૂર જાવ. મને હવે વધુ ન પીડો. મારાથી તમારો ખડખડાટ નથી સંભળાતો ! દાદાજાન, આવ, ફરઝંદ, શાહ ફરઝંદ આવ. નૂરેચશ્મ, દાદાજાનને દીદાર નહીં દે ! ખુદા આ ! દાદાજાન આકિલ બને ! (રોશન હાથમાં શિરોહી જામ લઈ પ્રવેશે છે.)

રોશન : (ગભરાટમાં) અમ્બાજાન ! (મુઝફ્ફરશાહ ખડા થઈ જાય છે.)

મુઝફ્ફરશાહ : બેટી, અલાબલા નડી કે !

રોશન : શાહ, જુવાન સુલતાન ઝડપે પાછી ફર્યા છે. સમજાણુ પડતી નથી. કારણો શાં હશે ? મને કારમો ફડફડાટ થાય છે. અશુભ કંઇ જરૂર બનશે.

મુઝફ્ફરશાહ : બેટી, ઝનાનખાનામાં તું રહી છો છતાં ય આટલી બધી બીકણુ !

રોશન : દાદાજાન, મને બીક તો કશી ય નથી. પણ જરૂર અશુભ બનવું જોઇએ. રસ્તે શાહી બાઝે શાહી કબૂતર ઝડપ્યું.

મુઝફ્ફરશાહ : બેટી એ તો આલમનો નિયમ જ છે ! પણુ બાબાજાનની તંદુરસ્તી તો સારી છે ને ?

રોશન : અહમદશાહ ઉતાવળમાં છે. મોં પર સખ્તાઈ છે.

મુઝફ્ફરશાહ : શાહને સખ્ત થવું જ જોઇએ.

[ તરત જ જુવાન અહમદશાહ પ્રવેશે છે. કસકસતો રેશમી જામો પહેર્યો છે. જામા પર ઝરદોઝી છે. ગળામાં સાચા મોતીનો હાર છે. કેડ પર કમરબંધ છે. મૂછો ઊગી છે, પરંતુ પૂરો વળાંક લેતી નથી. ખુલ્લા માથે છે. માથા પર ઝુલ્ફાં છે. કમરબંધમાં સાપણુની જીભ જેવી હીરાજડિત કટાર છે. કટારની પડખે જ ખંજર છે. પગમાં બુટ્ટા ભરેલ કિનખાબની મોજડીઓ છે. સુરવાલ પહેર્યો છે. મોં પર સખ્તાઇ ને કઠોરતા છે. હાથમાં ઝહેરજામ છે.

મુઝફ્ફરશાહ પૌત્રને તેડવા સામે જાય છે. મુઝફ્ફરના મોં પર ચાંદની જેવું ધવલ હાસ્ય છે. હારયમાં પ્રસન્નતાની ને આનંદની લાગણીઓ વ્યકત થાય છે. અહમદશાહ મુઝફ્ફરશાહને સીજદો કરે છે. ]

મુઝફ્ફરશાહ : દાદાજાન, આવ. અમ્બાજાન આજે યાદ આવ્યા ? (મુઝફ્ફરશાહ તખ્ત પર જઈ બેસે છે. એ જ રૂક્ષતા, કઠોરતા ને સખ્તાઈ મોં પર રાખી અહમદશાહ મુઝફ્ફરશાહની સન્મુખ જઈ ઊભો રહે છે.) નૂરે ચશ્મ ! આવ ખબર તો આપ કે ઝિન્દગાનીના દાવ તું કેમ ખેલે છે ? (અહમદશાહ ઘડીભર નિરુત્તર રહે છે. રોશન જઈ કમાનમાં ભરાય છે.)

મુઝફ્ફરશાહ : દાદાજાન, કશી બલા તો નથી ભેટી ને ?–(અહમદશાહ હાથ લંબાવે છે.)

અહમદશાહ : આ તમારા માટે છે.

મુઝફ્ફરશાહ : બેટા !

અહમદશાહ : ઇન્સાફ કહે છે.

મુઝફ્ફરશાહ : એમ ન માનતો કે હજુ મુઝફ્ફરને ઝિન્દગીની મજાઓ પ્યારી છે. લાવ, લાવ. (મુખ પર પ્રસન્નતા પ્રદીપ્ત બને છે. ઝહરજામને હાથમાં પકડીને બોલે છે.) બાબાજાન, આટલું કહે. તારી તો તંદુરસ્તી છે ને !

અહમદશાહ : જ્યાં સુધી તમો છો ત્યાં સુધી હું મારી તંદુરસ્તીની ખાત્રી નથી આપી શકતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુઝફ્ફરશાહ : બેટા, મારામાં એવું ઇલ્મ તો નથી.

અહમદશાહ : ઈલ્મ નથી પણ ઝહર છે. આ જામનું ઝહર દેખી શકાય છે જ્યારે આ જેફ્ સાપ સાપ છે તે ય કળી શકાતું નથી. પણ મને ખાત્રી થઈ ચૂકી છે કે આ બુઝર્ગ આદમી સાપ છે.

મુઝફ્ફરશાહ : ( હસીને ) બેટા ! મારા દિલનો તાગ કોણે લીધો ? મારા રૂહને કોણે પિછાન્યો ?

અહમદશાહ : મેં. (મોં પર સખ્તાઈ સ્પષ્ટ બને છે.)

મુઝફ્ફરશાહ : બેટા, તું ભૂલે છે. ગુજરાતના સુલતાન, મુઝફ્ફર આદમજાતમાં અવતરેલ છે. ફરઝન્દો તેને ય પ્યારાં છે.

અહમદશાહ : કોણે જાણ્યું ? ફરઝન્દો પ્યારાં નથી. સાપ રૂપકડો ને સુંવાળો દેખાવે છે. અબ્બાજાનનો જાન એ સાપે લીધો. ગુજરાતના બંડખોર જાફરખાને અબ્બાજાનને રૂખ્સદ દીધી, ભરીભારી આલમમાંથી.

મુઝફ્ફરશાહ : બેટા, ત્યાં તારી ભૂલ છે. મને જીવવાની મુરાદ છે માટે હું નથી ફર્યું-ફર્યું બોલતો. સાચું કહું છું. ગુજરાતના જુવાન સુલતાનની પોતાની જ ભૂલ હતી. બેટા, એવા વખતે સુલતાનિયત હજુ પગભેર પણ ન હતી. એ વખતે જુવાન સુલતાન મયબાઝી શીખ્યો. સુલતાનિયતને એશઆરામ ન પાલવે. દાદાજાન! અશ્વને પણ રેણુ રાખવી પડે છે. બેટા! એ સુલતાન ઝિન્ગીના પાસા નાખતાં ભૂલ્યો.

અહમદશાહ : ને બીજો સુલતાન શીખ્યો ! ઝિન્ગીમાં શતરંજો આપ ખૂબ ખેલ્યા છો ને આ ય કૃત્ય સુલતાનિયતશતરંજનો દાવ હતો એમ અમીરો કહે છે.

મુઝફ્ફરશાહ : એટલે તું એમ માને છે કે મહમદશાહનું ખૂન મેં કરાવ્યું ?

અહમદશાહ : ખુદાના દરબારમાં તેનો ઇન્સાફ કરાવજો. પણ મૌલવીઓ ને કાજીઓ ઇન્સાફ કરે છે, " બાપનું વેર લેવું જોઇએ. " માટે જ.........( આગળ બોલી શકતો નથી. ) આ જ ખુદાનો અદલ ઇન્સાફ છે.

મુઝફ્ફરશાહ : ગુજરાતના સુલતાન ! એક દિવસ યાદ તો કરજે કે એ બુઝર્ગ ડોસો પાકદિલ હતો. કુરાને શરીફના શપથે કહું છું કે તારા અબ્બાજાનનો જાન મેં નથી લીધો. તને ગાદીની ઉતાવળ છે ? ગાદી તારા હાથમાં છે. તને મારા જાનની ઉતાવળ છે ? ઝહેરજામ આરા હાથમાં છે. લે ! લે ! ગુજરાતના શાહ ! દાદાજાનને ! ( પ્યાલું મોં પાસે લઈ જાય છે. )

અહમ્મદશાહ : દાદાજાન ! દાદાજાન !

મુઝફ્ફરશાહ : બેટા, બેટા, મારૂં આયુષ્ય લાંબુ હવે ન ટકત. ખુદાની બંદગી આ નાચીઝ આદમી છઆઠ મહિના કરી લેત. પણ તે દિવસ કરતાં ય આજનો દિવસે વધુ રૂડો છે. જો આસમાનમાં જુમ્માનો બીજચાંદ ( જે હાથમાં ઝહેરજામ છે તે હાથે જ ચન્દ્ર બતાવે છે, ) બેટા, કુરાનેશરીફના પનાહે મારૂં મૃત્યુ થાય છે. બાબાજાન ! ખુદાનો મોકલેલ તું ખુદાઇ ફિરસ્તો છે.

અહમ્મદશાહ : દાદાજાન, ઝહરજામ મારો છે. મને પાછો આપો. મૌલવીઓએ ભલે ઇન્સાફ તોળ્યો. સિપેહસાલારો ભલે તમે ગુનેગાર છો એમ કહેતા. પણ દાદાજાન ! દાદાજાન !

મુઝફ્ફરશાહ : રાહતે જાન! દાદાજાન ડાહ્યા છે. આવા સરસ મૃત્યુને મૂકી દાદાજાન શાને કાજે ઝિંદગીનાં બિયાંબાંમાં ભટકવા આવે ! સાંભળ બેટા ! શાહજાદો જો સબબને ભૂલે તો તે શાહજાદો નથી પણ હરામજાદો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અહમદશાહ: દાદાજાન ! (જામ પર ઝડપ મારે છે.) ગુજરાતને તમારી ઘણી ઘણી જરૂર છે. પાટણ સાચ્ચે ગુજરાત જીવતું નથી. ચાંદઝંડાને સારા ય હિંદોસ્તાનમાં ફરકાવવાની ગુજરાતની અરમાનો છે. દાદાજાન! તમારી પનાહ નીચે એ ઝંડો........

મુઝફ્ફરશાહ : આ રૂહે ઘણા ઉધામા કર્યાં છે. દિલ્હીના શહનશાહની રાશને ફેંકીને ફંગોળી દીધી. સૂબો જાફર સુલતાન મુઝફ્ફર બન્યો. પાટણનું તખ્ત પુત્ર મહમદને સોંપ્યું. કેદખાને ગયો. ફરી પાછો એ જ કેદખાને ! ગુજરાતના સુલતાન.

અહમદશાહ : દાદાજાન ! હું ગુજરાતની સુલતાનિયતને લાયક નથી. હું મુઝફ્ફરશાહનો છોટો દાદાજાન છું. દાદાજાન ! મારે ગુજરાતનું તખ્ત ન જોઇએ. તખ્ત તમારૂં છે. શાહી પાદ ભલે તમારા શિરે રહો ! તમે જ સંભાળો. અબ્બાજાન ! ખુદા આવી દાદાને તેના દરબારમાં લઇ જશે તે જ દિવસે દાદાના તખ્ત પર હું બેસીશ. દાદાજાન, મને હવે ગુજરાતનો સુલતાન ન કહેતા. અબ્બાજાન ! તમે કેદ નથી. આ મહમદ આપનો ગુલામ છે. (મુઝફ્ફરના પગમાં માથું ઢાળી દે છે. આંખોમાંથી આંસુ સરે છે.)

મુઝફ્ફરશાહ : (હસીને) ખુદા આવી આ રૂહને લઈ જશે પછી તો સુલતાન બનીશ તો ખરોને? એટલા વખત માટે તખ્તની રાહ જોવાશે? ના, બેટા એ તો ખૂબ મોડું કહેવાય. (ઝહરજામ બતાવીને) આ રહ્યો ખુદાઇ પરિન્દો ! અલ્લાહનો ફિરસ્તો. બેટા, આટલું સાંભળ. (નતમસ્તકે આંખો ઢાળી ગોંઠણભરિયા ગુજરાતનો જુવાન સુલતાન હાથ જોડી બેસે છે. કમરામાં ઊભી ઊભી રોશન આ કરુણ દશ્ય નિહાળે છે.) બેટા, મયબાઝી ખરાબ ચીઝ છે, મહમદશાહ મયબાઝીનો સબક શીખ્યો. પરિણામ તારી નઝર સામે છે. બેટા ! મયબાઝી ન શીખતો. દાદાજાન ! સાંભળ્યું કે ? દાદાજાન (અહમદની ને મુઝફ્ફરની નજર એક બને છે.) દાદાને ઝહેર આપવાનું ઝહેર તારા કાનમાં રહેડનારના જાન લેજે. ને હજુ ય કહું છું–મુઝફ્ફરશાહ પિતા હતો. ફરઝંદો પ્યારાં હતાં. તે બેદિલ બાદશાહ ન હતો. બેદિલ બંડખોર ન હતો. દાદાજાન ! બહેશ્તમાંથી ગુજરાતના સુલતાનના દીદાર કરતો રહીશ. અલવિદાઅ. (મુઝફ્ફરશાહ ઝહેરને ઘટઘટાવવા મંડી પડે છે. તે પાનમાં આબેહયાતની મીઠાશ હોય તેમ મીઠાશથી આખો ય જામ ઘટઘટાવી જાય છે.)

અહમદશાહ : દાદાજાન ! દાદાજાન ! (અવાજ બસુરો બની જાય છે. રોશન આવે છે. અહમદશાહ બેભાન બને છે. આકાશનો ચંદ્ર અદશ્ય બને છે.)

રોશન : સુલતાન, આસમાનમાંથી ચાંદ ગયો.

(ગુજરાતનો બડો ને છોટો સુલતાન; બેઉ લાંબા થઇ તખ્ત પર પડે છે. રોશન મુઝફ્ફરના દેહ આગળ આવી કુરાને શરીફમાંથી સૂરત વાંચે છે. મુઝફ્ફરશાહનો ભવ્ય દેહ તખ્ત માથે હિન્દશિરે હિમાલય શોભે છે તેમ શોભી રહ્યો છે.) *

—— : o :- ——

---

*આ નાટિકા ભજવતી વખતે ભજવવાની પરવાનગી માટે લેખકને–૨૧, સરસ્વતી સોસાયટી, સરખેજ રોડ, અમદાવાદ–એ શરનામે પુછાવવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જ્વાલામુખી

કિશોરલાલ કોઠારી

ઈટાલીમાં નેપલ્સ નગર પાસે ' વિસુવિયસ ' જ્વાલામુખી પર્વત આવેલો છે. એ પર્વતની ઊંચાઈ સમુદ્રની સપાટીથી લગભગ ૩૯૪૮ ફીટ જેટલી છે. વિસુવિયસ જ્વાલામુખી પર્વતનો ઘેરાવો લગભગ ૩૦ માઇલ જેટલો છે. વિસુવયસ જેવો ભયંકર-ભારે ખુવારી કરતો-જ્વાલામુખી યુરોપમાં બીજો ભાગ્યે જ હશે ! ઈ. સ. ની પહેલી સદીથી અત્યારસુધીમાં આ જ્વાલામુખી ઓછીવત્તી મુદતે અને ઓછાવત્તા પ્રમાણમાં લગભગ ૨૦૦ વાર ફાટયો હશે ! તેના વારંવાર ફાટવાથી એ જ્વાલામુખી પર્વતની ઊંચાઇ હંમેશાં બદલાતી રહે છે. ઇ. સ. ૧૮૪૫ માં તેની ઊંચાઇ ૩૯૦૦ ફુટ જેટલી હતી. ઈ. સ. ૧૮૬૯માં તે ૪૨૫૫ ફુટ જેટલી હતી. અને ઇ. સ. ૧૮૭૨માં તે પાછી ઘટી ગઈ હતી. અત્યારે આ પર્વતની ઊંચાઈ પાછી વધતી હોય એમ લાગે છે. આજે જે વિસુવિયસ પર્વત ઉપર રેલવે કરવામાં આવી છે તે વિસુવિયસ પર્વત ઉપર રોમન સામ્રાજ્યની જાહોજલાલીના વખતમાં પુષ્કળ લીલોતરી ઊગી નીકળી હતી અને દ્રાક્ષના માંડવા કર્યા હતા ! પ્રાચીન ધનાઢ્ય માલેતુઝાર રોમન વ્યાપારીઓએ આ પર્વત ઉપર હવા ખાવા માટે સુંદર બંગલાઓ બંધાવ્યા હતા. રોમન બાદશાહ નીરોના અમલ દરમ્યાન ઈ. સ. ૬૩માં ઇટાલીમાં એક ભૂકંપ થયો હતો. ત્યારથી વિસુવિયસ પર્વત ડગમગવા માંડયો હતો. શહેનશાહ ટેટ્સના સમયમાં ઇ. સ. ૭૯ના ઓગસ્ટ માસની ૨૪મી તારીખે વિસુવિયસ પર્વત ફાટી ઊઠયો હતો. ઉષ્ણ રાખના પ્રચંડ ફુવારાથી જ્વાલામુખી વિસુવિયસ પાસે આવેલાં બે મોટાં શહેરો ' પોમ્પિયાઇ ' અને 'હકર્યુલેનિયમ' ઉપર લગભગ દશ ફુટ જેટલો રાખનો થર ચડી ગયો હતો. આગ ને પત્થરની સતત વૃષ્ટિથી સુંદર શહેર હકર્યુલેનિયમનાં મકાનો તરત જમીનદોસ્ત થઈ ગયાં હતાં. વિસુવિયસ પર્વતની આસપાસનો પ્રદેશ લગભગ દશ ફુટ જેટલો ઊંડો દટાઈ ગયો હતો. કુદરતના આ કોપથી લગભગ પાંચ હજાર મનુષ્યો ક્રુર વિસુવિયસનો ભોગ બન્યાં હતાં. કુદરતનો ઇતિહાસ લખનાર ' પ્લીની ' રોમન સૈન્યનો મુખ્ય સેનાપતિ હોવાથી જ્યારે વિસુવિયસ પર્વત ફાટયો ત્યારે લાચાર બનેલા લોકોને મદદ-રાહત આપવા તે એકદમ તે જગ્યાએ દોડી ગયો, પરંતુ મનુષ્યોને મૃત્યુના મુખમાંથી બચાવવા ગયેલા 'પ્લીની' ઉપર રાખ અને ઉષ્ણ પથરાઓની એક વૃષ્ટિ થતાં તેમાં દટાઈ ને તે તરત જ મૃત્યુ પામ્યો હતો.

ઇ. સ. ૨૦૩ માં ફરીને વિસુવિયસે પોતાનું મૂળ સ્વરૂપ બતાવ્યું હતું. ઇ. સ. ૨૨૨માં પણ તે ફાટયો હતો. આ હોનારતથી લગભગ દશ હજાર મનુષ્યો મૃત્યુ પામ્યાં હતાં. અઢીસો વર્ષના આરામ બાદ ઇ. સ. ૪૭૨માં તે મોટા જોસથી ફાટયો હતો. આ સમયે વિસુવિયસમાંથી ઊડેલી રાખ છેક કોન્સ્ટેન્ટિનોપલ સુધી પહોંચી હતી. આ રીતે ઈ. સ. ૭૯થી ઇ. સ. ૧૫૦૦ સુધીમાં વિસુવિયસ જ્વાલામુખી કુલ નવ વખત ફાટયો હતો. અને તેથી ઇટાલીમાં મહાભારત નુકશાન થયું હતું. ઈ. સ. ૧૬૩૧માં પુનઃ વિસુવિયસ પર્વત ફાટયો, ત્યારે લગભગ ત્રણ હજાર માણસો તથા અસંખ્ય માલમિલકતનો નાશ થયો હતો. અને ઇ. સ. ૧૭૦૭ માં જ્યારે તે ફાટયો ત્યારે નેપલ્સ નગરમાં રાખનુ મોટું થર જામી ગયું હતું.

ઇ. સ. ૧૭૧૯ માં એક એન્જીનિયર વિસુવિયસ પર્વતથી થોડે દૂર કૂવો ખોદી રહયો હતો ત્યારે લગભગ ૯૦ ફુટની ઊંડાઇએ ભૂગર્ભમાંથી પુરાતન હકર્યુલેનિયમ નગરની એક નાટકશાળા સુંદર સ્વરૂપમાં મળી આવી હતી. કેટલીક પ્રાચીન પ્રતિમાઓ પણ મળી આવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતી. તેવી જ રીતે ઇ. સ. ૧૭૪૮માં એક ખેડૂત ખેતરમાં ખોદકામ કરી રહ્યો હતો, ત્યારે તેને વાસણો, પ્રતિમાઓ ઇત્યાદિ પ્રાચીન વસ્તુઓ મળી આવી હતી. આ રીતે પ્રાચીન 'પોમ્પિયાઇ' નગરનો પત્તો પણ મળી ગયો. કેટલાંક મકાનો તો આબેહૂબ સ્થિતિમાં મળી આવ્યાં હતાં. મળી આવેલાં કેટલાંક ચિત્રો એટલાં તો સુંદર હતાં કે જાણે તે આજેજ રંગ્યાં હોય તેમ લાગતું હતું. આ શહેરો ૧૫૦૦ વર્ષ સુધી જમીનમાં દટાયેલાં પડયાં હતાં, પરંતુ આખરે તેનો પત્તો લાગ્યો. તેનું ખોદકામ હજી પણ ચાલું છે ને થોડાંક વર્ષ પર ત્યાંથી હિંદી હાથીદાંતની કારીગરીના નમૂના ને હિંદ ને રોમ વચ્ચેના જળવ્યવહારનું સૂચન કરતાં કેટલાંક ચિત્રો મળી આવેલાં.

ઇ. સ. ૧૮૭૨માં વિસુવિયસ પાછો ફાટયો હતો. આ સમયે તેના મુખમાંથી ૩૦૦૦ ફુટ પહોળી અને ૨૦ ફુટ જેટલી ઊંડી નદીઓ વહેતી હોય તેમ લાવારસ વહી રહ્યો હતો. લાવારસના વહનની ગતિ દર કલાકે ૧૩૨૦ ફુટ જેટલી હતી. આ રાક્ષસી સરિતાના પ્રવાહે તેના માર્ગમાં આવતી નાની મોટી અનેક વસ્તુઓનો સંહાર કર્યો હતો. અતિગરમ પત્થરાઓ તો લગભગ ૪૦૦૦ ફુટ ઊંચે ઊડયા હતા, અને ઉષ્ણ રાખ ૮૦૦૦ ફુટ ઊંચે પહોંચી હતી! રાખ-પત્થર અને લાવરસથી આસપાસના બે ચોરસ માઇલ જેટલા વિસ્તારમાં લગભગ તેર ફુટ જાડી સપાટી બંધાઇ ગઇ હતી. ઇ. સ. ૧૮૭૨માં એ વિસુવિયસ જ્વાલામુખીએ લગભગ એક કરોડ રૂપિયાનું નુકશાન કર્યું હતું. અસંખ્ય માનવ-પ્રાણીઓનો સંહાર થઇ ગયો હતો. ઇ. સ. ૧૭૯૪માં જ્યારે વિસુવિયસ પર્વત ફાટયો ત્યારે પર્વતની વરાળ, ધુમાડો, રાખ અને પત્થરા ઇત્યાદિનાં જે મોટાં વાદળાં બંધાયાં હતાં તેમાંથી વિદ્યુતના ઘણા મોટા ભયંકર ચમકારાઓ ઉત્પન્ન થયા હતા. લાવારસની સરિતાઓની ગતિ એક કલાકે ¾ માઇલ જેટલી હતી. લાલચોળ પત્થરો લગભગ ૪૦૦૦ ફુટ ઊંચે આકાશમાં ઊડીને ૧૪૦ માઇલ દૂર પડતાં કેટલાંક મકાનોનાં છાપરાં ભાંગીને ભૂક્કો થઇ ગયાં હતાં. ઇ. સ. ૧૮૮૦ માં આ જ્વાલામુખી ફાટવાથી ભયંકર નુકશાન થયું હતું. સને ૧૯૦૭માં વિસુવિયસ ફાટયો એ તો હજુ હમણાં જ બન્યું હોય એમ લાગે છે. આ હોનારતથી અસંખ્ય મનુષ્યો મૃત્યુ પામ્યાં હતાં. ૧૯૦૭ પછી આ જ્વાલામુખીએ ધૈર્ય ધારણ કર્યું છે. તે હવે કયારે ફાટશે તે કહેવું મુશ્કલ છે. પરંતુ એટલી તો ખાત્રી છે કે એક દિવસ એ જરૂર ફાટવાનો!

કોઇ એમ ન ધારશો કે વિસુવિયસની ધાસ્તીથી ત્યાં આગળ મનુષ્ય વસવાટ નહી કરતાં હોય! પ્રાચીન હકર્યુલેનિયમ નગરનાં ખંડિયેરો ઉપર અત્યારે ' રેઝીના ' નામનો એક કસ્બો છે. તેમાં લગભગ ૧૩૦૦૦ માણસો રહે છે. જો કે આ લોકો વિસુવિયસની ધાસ્તીથી મુકત તો નથી જ. જ્વાલામુખીની ખીણમાં લગભગ ૮૦૦૦૦ મનુષ્યો વસવાટ કરી રહ્યાં છે. જ્યારે વિસુવિયસ ફાટવાનાં ચિન્હો જણાય કે તરત જ આ લોકો પોતાનાં બાલબચ્ચાંઓ સહિત, માલમિલ્કત તજીને, જીવ લઇને નાસી જાય છે.

યુરોપમાં 'વિસુવિયસ' જેવડો મોટો અને ભયંકર બીજો કોઇ જ્વાલામુખી પર્વત નથી, તોપણ આઇસલેન્ડ દ્વીપમાં 'હેકલા' નામનો ભયંકર જ્વાલામુખી પર્વત છે. તે પર્વતની લાંબી હારો પથરાયેલી છે. હેકલા પર્વતમાં આવેલી તેની એક શાખામાંનો ' સ્કપ્તરજોકુલ ' નામનો પર્વત ઇ. સ. ૧૭૮૩ માં ફાટયો હતો. એ સમયે તેમાંથી લાવારસની બે મહાન સરિતાઓ વહી હતી. એક સરિતા ૫૦ માઇલ લાંબી અને ૧૫ માઇલ પહોળી હતી. બીજી સરિતા ૪૦ માઇલ લાંબી અને ૭ માઇલ પહોળી હતી. આ પર્વત ફાટવાથી અસંખ્ય મનુષ્યો મૃત્યુ પામ્યાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જાવાદ્વીપમાં લગભગ ૩૮ જ્વાલામુખી પર્વતો છે. ઇ. સ. ૧૮૧૫ માં જાવાદ્વીપની પૂર્વ દિશામાં આવેલા સંભવ બેટમાં તુંબોરો નામનો જવાલામુખી પર્વત ફાટયો હતો. તેમાંથી નીકળેળી રાખ ઇત્યાદિથી આકાશ એટલું તો છવાઇ ગયું હતું કે ત્યાંથી ૨૦૦ માઇલ દૂર પશ્ચિમે આવેલા જાવાદ્વીપમાં બપોરે અમાસની રાત્રિ જેવું ઘોર અંધારૂં છવાઇ ગયું હતું. રાખમાંનાં કેટલાંક રજકણો ૮૦૦ માઇલ દૂર આવેલા બંદા અને આમ્બોયના બેટ સુધી પહોંચ્યાં હતાં. સુમાત્રા દ્વીપની પશ્ચિમે દરિયામાં કોલસા અને પત્થરાઓના બે ફુટ જાડાં પડ માઇલો સુધી બંધાયાં હતાં.

ઇ. સ. ૧૮૮૩ માં જાવાદ્વીપનો એક જવાલામુખી પર્વત ફાટતાં હવા તદ્દન શીતલ થઇ ગઇ હતી, અને બટેવિયામાં તો જાણે હિમાલયનો બરફ પડયો હોય એમ લાગતું હતું. 'અંજર' નામનું એક નાનું ગામડું તો તદ્દન નાશ જ પામ્યું હતું. જવાલામુખી ફાટયા પછી સમુદ્રમાં ભરતીનું જે વિકરાળ અને નાશકારક મોજું ઊછળી આવ્યું હતું તે ૨૭૦૦ ફુટ ઊંચે ઊડયું હતું. એ જ સમયે ૩૦ માઇલના વિસ્તારમાં જ્યાં સૂકી જમીન હતી ત્યાં પણ ૧૬ થી વધારે જવાલામુખીઓ ફાટી નીકળ્યા હતા. કુદરતના આ કોપથી જાવામાં લગભગ ૪૦ થી ૫૦ હજાર માણસોના જીવ ગયા હતા. કાંઠા ઉપર એક સરકારી સ્ટીમર લંગર નાખીને પડી હતી, તે સ્ટીમરને ભરતીનાં મોજાંએ ઉઠાવીને ટાપુના મધ્યભાગમાં આવેલા કિનારાથી લગભગ ૨૦૦ માઇલ દૂર મૂકી હતી. જાવાદ્વીપના સમુદ્ર–કિનારાંનાં ભરતીનાં મોજાંની અસર મોરિસ ટાપુ ખાતે થતાં સમુદ્રનું પાણી ચાર મિનિટ સુધી લગભગ ૫૦૦ ફીટની ઊંચાઇએ ઊછળીને પાછું ઓસરી ગયું હતું.

દુનિયામાં સૌથી ઊંચામાં ઊંચો અને સળગતો જવાલામુખી પર્વત પોપોકેટી પેટલ છે, અને તે અમેરિકામાં મેકિસકોમાં આવેલા પ્વેબ્લોના નૈઋત્ય ખૂણામાં પાંત્રીસ માઇલ દૂર આવેલો છે. દરિયાની સપાટીથી તે સને ૧૯૦૧ માં ૧૭૭૭૪ ફુટ ઊંચો હતો. અત્યારે તેની ઊંચાઈ ૧૭૭૨૦ ફુટ છે. તે જ્વાલામુખીનો પરિઘ ત્રણ માઇલ અને ઊંડાઇ ૧૦૦૦ ફુટ છે. અમેરિકામાં થતા ધરતીકંપ અને જ્વાલામુખી પર્વત ફાટવાનું મૂળસ્થાન આ જવાલામુખી પર્વત છે.

ઇ. સ. ૧૮૮૩ માં સંડાની સામુદ્રધુનીમાં એક મોટો ધરતીકંપ થયો હતો, ત્યારે પાસે આવેલો એક જવાલામુખી પર્વત પણ ફાટયો હતો. આથી કાકાટોઆ નામનો એક દ્વીપ તો તદ્દન નાશ પામી ગયો હતો. આ જ્વાલામુખી પર્વત ફાટયો ત્યારે તેનો ધ્વનિ લગભગ ૨૦૦ માઇલ દૂર સંભળાયો હતો. ઇ. સ. ૧૮૮૫ માં ઇરાનમાં જવાલામુખી પર્વત ફાટયો હતો. તેમાંથી ઉષ્ણુરાખ અને અગ્નિ આકાશમાં ઊડયાં હતાં. પર્વતની તળેટીમાં ભૂકંપના કેટલાક આંચકાઓ પણ લાગ્યા હતા. ઈ. સ. ૧૯૦૨ માં વેસ્ટ ઇન્ડીસ ટાપુઓમાં આવેલા માર્ટિનિક ટાપુમાંનો એક સળગતો જવાલામુખી ફાટવાથી હજારો મનુષ્યો મૃત્યુના મુખમાં હોમાયાં હતાં.

બંગાળના ઉપસાગરમાં આવેલા આન્દામાન ટાપુની પાસે આવેલા બેરન નામના દ્વીપમાં પણ કેટલાક બળતા જવાલામુખી પર્વતો છે. સને ૧૭૯૫ અને ૧૮૦૩ મા આ જવાલામુખી પર્વતો એકાએક સળગી ઊઠયા હતા. એ આગ લગભગ ૨૦૦ માઇલ દૂરથી જોઇ શકાતી હતી. બેરન ટાપુની બધી જમીન જવાલામુખીએ ફેંકેલા પદાર્થોનીજ બનેલી છે.

——:*:——

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# લાખો માલમ

**ડુંગરશી ધરમશી સંપટ**

[ ગતાંક પૃ. ૪૧૮ થી ચાલુ ]

"કાળભૈરવ" ક્યાં અલોપ થઇ ગયું, તે તેને બિલકુલ સમજાયું નહિ. તે ભ્રમમાં પડી ગયો, માથું ખંજવાળવા મંડી ગયો! તેના ખલાસીઓ પણ આશ્ચર્યથી દિગ્મૂઢ જેવા થઇ ગયા. ચાંચિયો અલોપ થઇ ગયો હતો!

'પ્રેમસવાઇ'ની પડખેથી જ એક યુરોપિયન વહાણ પસાર થઇ ગયું. તે ગોવાનું વહાણ લાગતું હતું. ઉપર ફીરંગી વાવટો લટકતો હતો. તૂતક ઉપર ગોવાના દેશી ખલાસીઓ જોવામાં આવતા હતા. એક ફીરંગી અમલદાર દરિયાઇ લશ્કરી પોશાકમાં સજ્જ થઇ હુકમો આપતો જણાતો હતો. વહાણનો રંગ લાલ હતો. એના ઉપર નવો સઢ ચડાવેલો હતો. એના મોરા ઉપર ફીરંગીઓનું પ્રજાકીય ચિન્હ જડેલું હતું. આખા વહાણની ઢબછબ યુરોપિયન દેખાવ દેખાડતી હતી. બંદૂકવાળા સંત્રીઓ લશ્કરી ઢબે વહાણ ઉપર પહેરો ભરતા હતા. 'પ્રેમસવાઇ'ને લશ્કરી સલામ આપતું ગોવાનું વહાણ બગલમાંથી જ પસાર થઇ ગયું. તેના લશ્કરી કપ્તાને તૂતક ઉપર ઊભા થઇ 'પ્રેમસવાઇ'ના મોટા માલમને સલામ કરી. આ પાણીમાં ક્યાંય ચાંચિયો હોવાના સમાચાર પૂછ્યા. પોતે ગોવાની સરકારનું લશ્કરી વહાણ લઇ ચાંચિયાની શોધમાં નીકળ્યો હોવાનું જણાવ્યું. જવાબમાં ચાંચિયો ગઇ રાત્રી સુધી આ પાણીમાં જ હતો; તે ક્યાં લોપ થઇ ગયો તે જણાયું નથી.–એમ લાખે જણાવ્યું. 'ઠીક છે, હું શોધ કરૂં છું, તમે પણ શોધો.' એ રીતે કહી ગોવાનું વહાણ આગળ વધી ક્ષિતિજમાં અદ્રશ્ય થઇ ગયું.

વેંકોબાએ પોતાના વહાણને બચાવવા ઉપલી યુક્તિ રચી હતી. દુશ્મનના પંજામાંથી છૂટવાનો બીજો કોઇ માર્ગ ન મળવાથી એણે એક અવનવી હિકમત અજમાવી. કાળા રંગના વહાણને રાત્રિમાં જ લાલ રંગ લગાડાવી દીધો, નવો સઢ ચડાવી દીધો. તેના ખલાસીઓએ ગોવા તરફનો પહેરવેશ પહેરી લીધો. પોતે ગોવાના ઓફીસરનો પોશાક ધારણ કરી લીધો. વહાણના ઉપર ફીરંગી વાવટો લગાડવામાં આવ્યો. મહોરા ઉપર ફીરંગીઓનું રાજ્યચિન્હ લગાડવામાં આવ્યું. વહાણના તૂતકને ખૂબ સાફ કરી તેના ઉપર ડેક-ચેરો મૂકી દેવામાં આવી. વેંકોબાએ ઘણાં વર્ષો સુધી ફીરંગીઓનાં વહાણોમાં કામ કર્યું હતું. એ અનુભવનો એણે પૂરેપૂરો ઉપયોગ કર્યો. એણે બહુ જ દીર્ઘદૃષ્ટિ અને ઝીણવટથી પોતાના વહાણનું રૂપાંતર કરી નાખ્યું. વેંકોબા શત્રુને આબાદ હાથતાળી આપી ગયો. લાખા જેવો ચતુર નાવિક પણ તેનો પ્રપંચ સમજી શક્યો નહિ.

વેંકોબાએ આ ભાગમાં ઘણાં વહાણો લૂંટ્યાં હતાં. તેની સામે ચારે તરફથી રોષ પેદા થયો હતો. એક બળવાન શત્રુ અદમ્ય ઉત્સાહથી રાત્રિદિવસ તેની પૂંઠે પડયો હતો. એને આ પાણીમાં રહેવું હવે ભારે પડી ગયું. ફરી પરિસ્થિતિ શાંત થઈ બધું ભુલાઇ જાય ત્યાં સુધી ફરી આ પાણીમાં પ્રવેશ ન કરવાના નિશ્ચયથી તે મહારાષ્ટ્ર તરફ હંકારી ગયો.

લાખાએ ચાંચિયાને શોધવા બહુ બારીકીથી તપાસ કરવા માંડી. તે ખૂણેખૂણો ખૂંદી વળ્યો. ક્યાંય પણ તેને ભાળ મળી નહિ. શોધ કરતાં તેના ચાર માસ ચાલ્યા ગયા. ખલાસીઓ બધા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થાકી ગયા. તેમનો ઉત્સાહ નરમ થયો પરંતુ લાખો જરા પણ હત ઉત્સાહ થયો નહિ. માત્ર વૈરતૃપ્તિ માટે તે જીવતો હતો. ખાવા, પીવા, પહેરવા વગેરે ક્રિયાઓમાં પણ તેને રસ નહોતો. માત્ર સંચાની પેઠે એનું શરીર કામ કરતું હતું. ઉદાસીન, આખો દિવસ મૂગો રહેનાર લાખો ચાંચિયાની વાત આવતાં એકદમ જાગૃત થઇ તીવ્ર બુદ્ધિ બની રહેતો.

ઠેઠ ચાર માસે રત્નાગીરી તરફ એક વહાણ ભાંગ્યાની અને લુંટાયાની ખબર લાખાને મળી. તેણે પોરબંદરના બંદરથી ભથ્થું અને સામાન લઇ દક્ષિણ તરફ પ્રયાણ કર્યું. વેંકોબાનું જ આ પરાક્રમ હોવાની તેને ખાત્રી હતી. તેણે ગોવા આવી માલ ખાલી કર્યો અને જતાં આવતાં વહાણો મારફતે પૂછગાછ ચાલુ રાખી. થોડા દિવસોમાં બીજું વહાણ લુંટાયાની ખબર આવી. તપાસ કરતાં એ વેંકોબાનું કામ હોવાની ખાત્રી થઇ. તેણે 'કાળભૈરવ'ની પૂઠ પકડી, પરંતુ ચાંચિયો એક ઠેકાણે રહેતો નહિ. વીજળીની પેઠે ચારે તરફ ઘૂમતો. તેની ભાળ મળતાં પૂઠ પકડનારથી સેંકડો માઇલ દૂર જતો રહેતો—'પ્રેમસવાઇ' તેને પકડી શકયું નહિ.

દિવસ–રાત ચોકી કરતાં 'પ્રેમસવાઇ'ના ખલાસીઓ ખૂબ કંટાળ્યા હતા. તેમને નસીબે યારી આપી નો'તી; ચાંચિયો તેમના હાથમાં સપડાયો નહોતો, છ માસ સુધી વગર વિશ્રામે દરિયાનાં પાણી ખૂંદ્યાં હતાં. હવે બૈરી છોકરાંને મળવા ખલાસીઓનાં મન ઉતાવળાં થતાં હતાં. પરંતુ લાખો તેમની વાત સાંભળતો નહોતો; છેવટે ખલાસીઓ બહુ ઉતાવળા થયા ને એક માસ વધારે રાહ જોવાની શરતે જ તેઓ શાંત થયા.

એક દિવસ તેમનું વહાણ દરિયામાં ચોકી કરતું હતું. બીજે દિવસે સૂર્યોદય થતાં જ આકાશમાં ખૂબ ધુમ્મસ જોવામાં આવ્યું. થોડા જ વખતમાં ધુમ્મસ ખૂબ ઘટ્ટ બન્યું. વહાણથી બે હાથ છેટે કાંઇ દેખાતું નહિ. બધું અંધાકારમય બની ગયું. આવા ભયંકર ધુમ્મસમાં સામે આવતા વહાણની ખબર પડે તેમ નહોતું. પા પા કલાકે ખલાસીઓ જોસથી શંખનાદ કરવા માંડયા. વહાણની ગતિ ધીમી કરી નાંખવામાં આવી. સઢ લગભગ ઉતારી લેવામાં આવ્યા. અરબી સમુદ્રમાં ધુમ્મસ બહુ વિરલ હોય છે. છતાં કોઇક વખત બહુ જોસથી ક્ષિતિજને આવરી દે છે. લાખે કુવાથંભ ઉપર એક અનુભવી નાવિકને ચડાવીને નિરીક્ષણ કરવા કહ્યું. [ ચાલુ ]

——:o:——

## યોગી

મ. સં.

છાયા ધરી તરુ અંગ બાળે,
કાયા પ્રજાળી અંધાર ખાળે—
દીવડો, રૂપેરી તેજ–ધારે.
શીતળ કરી સો પ્રાણીઓને
ઉદધિ જળે સ્વયમેવ નિત્યે.
જીવંત સુરભિ જગદેવ–શિરે

ત્યાગી સહે ગુલાબ પ્રીતે
અતિ તીક્ષ્ણ કંટક એક ચિત્તે.
યશસ્વી જીવન–આરસી એ
સમરૂપ–યોગી ચિત્ત કેરી;
કાળાંતરે નવ છંડી વરતી
કલૈબ્ય–કટુતા માનવીની.

——:o:——

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શુકન અને અપશુકન

મારુ પં. ... કજ

જગતમાં પરિવર્તન નિત્ય છે અને એ પરિવર્તનને એક જ્ઞાની તો ફક્ત સ્વભાવજન્ય ગણે છે અને એમાં થતાં સુખ અને દુઃખને એ ઉદાસીનની માફક જોયા કરે છે. એ જ્ઞાની માણુસ જ અમુક વસ્તુના અમુક પરિણામની સમજ પોતાના અનુભવસિદ્ધ જ્ઞાનથી જનતાને આપી શકે છે. એમાં તર્કને સ્થાન નથી તેમ શંકાને પણુ સ્થાન નથી. શ્રદ્ધા હોય તો એના પર દૃષ્ટિ કરવી; નહિ તો વ્યર્થ ચંચુપાત કરવાની ચેષ્ટા કરવી નહીં.

જ્યોતિષશાસ્ત્રની ગણુત્રી અનુસાર પ્રત્યેક દિવસ તેમજ રાત્રિનાં અમુક ચોઘડિયાં શુભ તેમજ અમુક અશુભ ગણ્યાં છે. શુભ ચોઘડિયામાં આરંભેલું કાર્ય સિદ્ધ થાય છે અને અશુભમાં આરંભેલું સિદ્ધ થતું નથી. અમુક કાર્ય શુભ ઘડીમાં આરંભ્યા છતાં કોઇક ગ્રહબળને લીધે કાર્યસિદ્ધિમાં જરા મોડું પણુ થાય અથવા અમુક કામ અશુભ ઘડીમાં શરૂ થયેલું હોવા છતાં પ્રથમ આશા આપી, જ્યોતિષશાસ્ત્રમાં અવિશ્વાસ ઉત્પન્ન કરી પાછળથી તે જ કાર્યનું ખંડન કરી નાંખે છે. પરંતુ એ બધું તો એક સૂક્ષ્મ ગણિતજ્ઞને માટે રહેવા દઇને અત્રે તો આપણે એકજ બાબતનો વિચાર કરીએ કે એક સાધારણુ માણુસ પોતાના કાર્યની સિદ્ધિ અથવા ક્ષય શી રીતે જાણુી શકે !

કોઇક સમયે કાઇ ખાસ કાર્યને માટે નીકળેલા મનુષ્યને જો સામે ગાય મળે છે તો તેને હર્ષ થાય છે અને જો એક કાણો માણુસ મળે છે તો વિષાદ થાય છે. શુકન અને અપશુકનની વ્યાખ્યા પૂર્ણ રીતે કરવી અશક્ય છે પરંતુ જ્યોતિર્વિદોએ જેમ ગ્રહોને સૌમ્ય અને ક્રૂર એમ બે વિભાગમાં ગણ્યા હતા તેમ દરેક નક્ષત્રને પણુ બે ભાગમાં વિભક્ત કરી તેમની પણુ શુભ–અશુભની સીમા બાંધી દીધી છે. એ જ નક્ષત્રોના સ્વામી પરથી શુકન–અપશુકનની વ્યાખ્યા પણુ નીકળે છે. ગ્રહો અમુક સમયે વિશેષ ક્રૂર તો બીજા સમયે ઓછા ક્રૂર હોય છે અને તે પ્રમાણે એકજ ગ્રહની વિભિન્ન સંજ્ઞા જુદી જુદી જાતનાં શુકન–અપશુકન બતાવે છે.

પ્રયાણ સમયે મનુષ્યને માટે જે સમય નિર્ણિત થયો હોય તેમાં તે લગ્ન (સમય) થી છઠ્ઠા સ્થાન પર પડેલા શુભાશુભ ગ્રહો અથવા રાશિઓ પરથી કાર્યસાધનમાં ક્યાં વિક્ષેપો પડવાના છે કે નથી પડવાના અથવા તે સમયનો કારક છઠ્ઠા સ્થાન પર પડી ગયો હોય તો તેનાથી ઉદ્ભવતો અર્થ નીકળી શકે છે. એજ પ્રમાણે બીજાં સ્થાનો–જેમકે લગ્ન, અષ્ટમ, એકાદશ ઇત્યાદિથી પણુ ગણુના થઇ શકે છે.

મુખ્યત્વે શુભ ગ્રહો છઠ્ઠા સ્થાનમાં ઉચ્ચ રાશિ વગરના અશુભ ફળ આપનારા ગણુાયા છે અને અશુભ ગ્રહો શુભ ફળ આપનારા કહ્યા છે. ગુરુ, શુક્ર, ચન્દ્ર, બુધ શુભ ગણુાય છે. અશુભ ગ્રહમાં શનિ, મંગળ, સૂર્ય, અમાસનો ચન્દ્ર અને પાપગ્રહ સાથે બુધ તથા રાહુ–કેતુ કહ્યા છે.

ગુરુ છઠ્ઠા સ્થાનમાં–ધન, મીન, કર્ક વગર અન્ય રાશિઓનો–ખરાબ ગણ્યો છે. એની સંજ્ઞા વિપ્રની છે. માટે એક બ્રાહ્મણુ પ્રયાણુ વખતે સામો મળે તો અશુભ ગણુાયો છે. પરંતુ એમાં જો ગુરુ ધન, મીન કે કર્કનો હોય તો તે અશુભ કર્તા મટી જાય છે, કારણુ કે એ એની ઉચ્ચ અને સ્વગૃહની રાશિઓ છે. માટે વેદ ભણુતો વિપ્ર અશુભ નથી કહેવાતો. કોઇ રંધવારો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કે કર્મહીન બ્રાહ્મણનાં શુકન ખરાબ ગણ્યાં છે. હાથી ગુરુનું વાહન છે અને ઉચ્ચ શુભ ચિન્હ તરીકે એને ગણ્યો છે.

શુક્ર છઠ્ઠા સ્થાનમાં–મીન, તુલા, વૃષભ વગર અન્ય રાશિઓનો–ખરાબ ગણ્યો છે. એની અશુભ સંજ્ઞા કાણા માણસની છે. દૈત્યોનો ગુરુ શુક્રાચાર્ય કાણો હતો અને મહાન વિદ્વાન હોવા છતાં અમુક પ્રકારની ક્રૂરનીતિથી પૂર્ણ હતો. તેટલા માટે કાણા માણસને અશુભ ગણ્યો છે. મીન, તુલા, વૃષભના શુક્રની સંજ્ઞા સુંદર અને સૌભાગ્યવતી સ્ત્રીની છે, અને તેને માટે બીજી સંજ્ઞા એક વારાંગનાની પણ છે અને તે શુકનો સારાં ગણ્યાં છે. ઘોડો શુક્રનું વાહન છે અને એનું સામે મળવું શુભ ગણ્યું છે કારણ કે શુક્ર શુભરૂપ આવ્યો છે એમ મનાય છે.

ચન્દ્ર શુભ અને અશુભ બેઉ છે. કુમારિકાથી પ્રૌઢા થતાં પહેલાં જ ખંડિત થયેલું સૌભાગ્ય જે નારીનું હોય તે નારીની કલ્પના પણ ચન્દ્રને માટે છે તેમજ એક કુમારિકાની પણ સંજ્ઞા ચન્દ્રની જ છે. કર્કનો ચન્દ્ર અને વૃષભ રાશિનો ચન્દ્ર ઉત્તમ ગણ્યો છે ત્યારે તે ઉપરોકત સારી સંજ્ઞાનો દ્યોતક છે માટે તે સારાં ગણ્યાં છે. અન્યથા વિધવા અથવા વંધ્યાનાં શુકન ખરાબ ગણ્યાં છે. ચન્દ્રનું વાહન હરણ છે માટે એનાં શુકન પણ શુભ ગણ્યાં છે.

બુધ પણ એ જ પ્રમાણે અનાજ લઈ આવતા વૈશ્ય તરીકે કલ્પિત કીધો છે અને તે સારો ગણ્યો છે. પરંતુ તેલ લઇને આવતો ઘાંચી ખરાબ ગણ્યો છે કારણ કે જળતત્ત્વની રાશિમાં બુધ ઘણો જ નીચ ભાવ ભજવે છે. તેમજ હીજડો–ગાંડો પણ એની સંજ્ઞા છે અને તે ખરાબ ગણી છે.

અશુભ ગ્રહોમાં મંગળને હથિયારબંધ ક્ષત્રિય તરીકે કલ્પિત કરવામાં આવ્યો છે અને તેનાં શુકન ઘણાં સારાં છે. માંસ અથવા રુધિરનાં દર્શન પણ મંગળનાં ચિન્હો છે. તે પણ સારાં ગણ્યાં છે. એજ મંગળ અલ્પ બળી હોય તો કસાઇ કે હલાલખોરનાં શુકન ખરાબ ગણ્યાં છે તેનો દ્યોતક થાય છે.

શનિ જો તુલા, મકર, કુંભ રાશિનો છઠ્ઠે હોય તો ઘણો જ સારો કહ્યો છે અને તે માટે એક શુદ્ર નોકર જળથી ભરેલો ઘડો લઇને આવતો અથવા ધોયેલાં લૂગડાં લઇને આવતો ધોબી કલ્પેલો છે. તે જ પ્રમાણે અલ્પબળી શનિથી થતાં અશુભ દર્શન માટે તેલ ચોપડેલો માણસ, શત્રુ, લડતું માનવી, વ્યંગ ઉચ્ચારણ કરનાર અથવા વૈરાગી, ગોસાંઇ, ફકીર ગણ્યાં છે.

રાહુ અને કેતુથી ગણતા શુભ દર્શન માટે ધુમાડા વગરનો દેવતા, તલવાર, કટાર ઇત્યાદિ કલ્પેલાં છે. એનાંજ અશુભ દર્શન માટે ચામડું, ધુમાડાવાળો દેવતા, સાપ, છાલાં, કુશકા ઇત્યાદિ છે. દડદડતાં લૂગડાં પણ એ બાબતમાં ખરાબ કહી શકાય. સૂર્યનાં શુભ–અશુભ માણેક અને ચાંલ્લા-વગરની સ્ત્રી ગણ્યાં છે.

અમુક શુકનો અને અપશુકનો બે ગ્રહોના મેળથી પણ થઇ જાય છે. તુલાનો શનિ શુક્ર સાથે છઠ્ઠે હોય તો ગાયનું શુકન માન્યું છે અને તે સર્વોત્તમ છે. મંગળ અને ગુરુ મીન રાશિમાં સાથે હોય તો માછલીઓ તથા દારૂની શુભ સંજ્ઞા આપી છે. સૂર્ય અને મંગળ સાથે હોય તો બંદૂક અથવા બીજું કોઇ અગ્નિ ફેંકવાવાળું શસ્ત્ર ગણ્યું છે, જે શુભ છે. ગુરુ અને ચંદ્ર કર્ક રાશિના સાથે હોય તો પાણીનું બેડું ભરેલી સ્ત્રીની અથવા દહીની કલ્પના કીધી છે એ પણ ઘણી જ શુભ છે. ગુરુ અને શુક્ર મીન–કર્ક રાશિમાં સાથે હોય તો વાર, વનિતા કે વેશ્યાની સંજ્ઞા લીધી છે, જે પણ શુભ ગણી છે.

આ શુકનો તેમજ અપશુકનો આ હિસાબે જ્યારે કલ્પી લેવામાં આવ્યાં ત્યારે માત્ર સંજ્ઞા-સૂચક હતાં અને અનાયાસે સામા અથવા બાજુ પર જતાં હોય તો જમણી જ બાજુનાં ફળસૂચક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જીવન ઝરણા

પ્રમા

નેપોલિયનને નાચતાં આવડતું નહોતું, છતાં વોરસોના રંગમહાલમાં કાઉન્ટેસ વોલેસ્કીના સ્નેહને ખાતર તેણે તે રમણી સાથે નાચવાનું કબૂલ કર્યું. પરંતુ નૃત્યમાં નેપોલિયનના પગ જ્યારે ગર્દભરાજની જેમ ઢંગધડા વગર પડવા લાગ્યા ત્યારે રંગમહાલના મહેમાનોનાં મુખ વિશ્વવિખ્યાત સમ્રાટની આ દશા નિહાળી મલકાઇ ઊઠયાં. તે પ્રસંગે બધાં સાંભળે તેમ નેપોલિયન કાઉન્ટેસને સંબોધીને બોલ્યો, " માફ કરો, સુંદરી. મારા ભાગ્યમાં નાચવાનું નહિ, પણ બીજાંને નચાવવાનું નિર્માયું છે."

× × ×

કોટાની રાજકન્યાનાં લગ્ન અંબરરાજ જયસિંહ વેરે થયાં. પણ એ રાજકુમારીને સાદાઇ અત્યંત પ્રિય હોઇ તે રાજવંશી ઠઠારામાં ન રહેતાં સાદા વેશમાં જ રહેતી.

એક સમયે રાજા-રાણી અગાસીમાં બેઠાં હતાં ત્યારે અંબરરાજે રાણીનાં સાદાં વસ્ત્રોની મશ્કરી કરી કાચના ટુકડાથી તે કાપવા માંડયાં.

રાણી તરત જ ઊભી થઇને મ્યાનમાંથી તલવાર કાઢતાં બોલી, " મહારાજ હું આપની પત્ની છું, દાસી છું; પણ સાથે જ સન્માન યોગ્ય નારી છું. આપને મારાં વસ્ત્ર પર કાચ ચલાવી મારૂં અપમાન કરવાનો, કે ધર્મનો ભંગ કરવાનો અધિકાર નથી. જો આપ ધર્મને ન સમજી શકો તો આપ કાચ ચલાવી જાણો છો તે કરતાં પણ હું તલવાર વધારે કુશળતાથી ચલાવી જાણું છું."

ને અંબરરાજને એજ અગાસીમાં હવે પછી નારી પ્રત્યે ગેરવર્તન ન ચલાવવાની પ્રતિજ્ઞા લેવી પડી.

× × ×

રશિયા પર આક્રમણ કરતી વેળા નેપોલિયને ઉત્તર ને મધ્ય યુરોપનાં રાજ્યો તટસ્થ રહે એવા આશયથી તે રાજ્યોને ગમતી શરતે તેમના સાથે સંધિ કરવાનું ઠરાવ્યું. એ સંધિની શરતો પર બધા નૃપતિઓએ સહી કર્યો પછી નેપોલિયને જ્યારે પોતાની સહી કરવાને કલમ ઉપાડી ત્યારે નેપોલિયનનો મંત્રી બોલ્યો, " આજલગી નેપોલિયન પોતે ઘડેલી સુલેહની શરતો પર સહી કરતો હતો. પરંતુ આજે તે અન્યની ઘડેલી શરતો પર સહી કરે છે."

નેપોલિયને તરત જ કલમના ટુકડા કરીને તે દૂર ફેંકી દીધા. અને તેને તે સંધિપત્ર પર સહી કરવા માટે લલચાવવાની બધી જ આજીજીઓ અને દલીલો નિષ્ફળ ગઇ.

× × ×

---

કહેલાં છે. રાજા કે મોટા માણસો બળજબરીથી ગાય સામી લાવે કે માછલી જીવતી ઘર બહાર મૂકી રાખે છે તેથી કંઇ તે ફળદાયી થતાં નથી. અપશુકનો ડાબી બાજુની નિશાની માનવામાં આવ્યાં છે અને તેનાથી વ્યકિતએ એમ સમજવાનું કે કાર્યમાં વિઘ્ન આવશે. પણ એનો અર્થ ઊંધો કરીને કાર્ય પડતું મૂકવું અથવા ગભરાઇ જવું તેમ નથી. એની સંજ્ઞાથી સાધારણ ફળાદેશ જાણી માણસે પ્રવૃત્તિમય જીવનમાંથી પાછા ફરવાની સલાહ નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન્યુઝીલેન્ડના ઓરાકુ ગામ નજીક ૩૦૦ માવરીઓની એક ટુકડી અંગ્રેજ સેનાથી ઘેરાઈ ગઈ, પરંતુ માવરીઓએ ઉત્સાહપૂર્વક સામનો ચાલુ રાખ્યો. છેવટે ઘેરો વધારે આકરો બનતાં માવરીઓ પાસે પીવાને પાણી પણ ન રહ્યું, છતાં ત્રણ દિવસ લગી તરસ્યા મોઢે પણ તેઓ લડતા રહ્યા. અંગ્રેજ સેનાપતિએ માવરીઓની આ દશા નિહાળી તેમને માનભરી સુલેહ માટે કહેણ મોકલ્યું. ત્યારે માવરી ટુકડીના સરદારે ઉત્તરમાં કહાવ્યું–" સંધિ હંમેશાં સમાન બળવાળા બે પક્ષ વચ્ચે જ સંભવી શકે છે. તે સિવાયની સંધિ તો દયાના ટુકડા કે ઝેરના લાડુ છે–જે સ્વીકારવા કરતાં અમે મરવાનું વિશેષ પસંદ કરીએ છીએ. "

× × ×

પોર્સેના નામે પરદેશી નૃપતિએ રોમ પર આક્રમણ કર્યું. તે પ્રસંગે મ્યુટીયસ નામે એક રોમન દેશભક્ત પોર્સેનાના તંબૂમાં ધસી ગયો ને પોર્સેનાના તંબૂમાંથી બહાર નીકળતા એક અમલદારને તેણે ઠાર કર્યો. સિપાઈઓએ તરત જ મ્યુટીયસને ઝબ્બે કરી તેને પોર્સેના સમક્ષ રજૂ કર્યો. પોર્સેનાએ તેને અમલદારના વધનું કારણ પૂછ્યું.

" રાજન્ " મ્યુટીયસ ગર્વથી મસ્તક ઊંચકતાં બોલ્યો, " તેં મારા રોમ પર આક્રમણ કર્યું છે. એટલે હું તને ઠાર કરવાને અહીં આવ્યો હતો. પણ શરતચૂકથી અમલદાર મરાયો."

" યુવાન. " પોર્સેના મ્યુટીયસની તલવાર તેને પાછી સોંપતાં સ્મિતપૂર્વક બોલ્યો, " તારાં સાહસ, શૌર્ય, દેશપ્રેમ ને સચ્ચાઈની હું કદર કરું છું. જા, તું સ્વતંત્ર છે. "

" રાજવી " મ્યુટીયસ પાસે પડેલી આગની ભઠ્ઠીમાં પોતાનો હાથ નાંખી બોલ્યો, " મીઠા વચનથી અમે ભોળવાતા નથી. જો તમે બહાદુરોની ખરેખર કદર કરી જાણતા હો તો રોમ જીતવાનો ખ્યાલ તજી પાછા ચાલ્યા જાઓ. નહિતર યાદ રાખજો કે રોમ મારી જેમ આગ સાથે રમી જાણનારા યુવાનોથી જ ભરેલું છે. "

ત્રીજેજ દિવસે પોર્સેના રોમનો ઘેરો ઉઠાવી લઈ પાછો ચાલતો થયો.

× × ×

માલમેસનના મહેલમાં નેપોલિયને સેનાપતિઓને ભોજન માટે આમંત્ર્યા. ભોજનની પૂર્ણાહુતિ પછી સર્વેએ બગીચામાં શિકાર ખેલવાનો કાર્યક્રમ ઘડી કાઢયો. તે પ્રસંગે ત્યાં આવી પહોંચેલી જોસેફાઇન બોલી. " આ ઋતુમાં શિકાર ? સર્વે પ્રાણીઓના ખોળા સંતાનથી ભરેલા છે. ગોળી ચલાવતાં દિલ નહિ કંપે ? "

નેપોલિયને બંદૂકને બાજુએ ફેંકી દીધી. ને સેનાપતિઓ પણ તેને અનુસર્યા. તે પછી નેપોલિયને શિકાર લગભગ તજી દીધેલો.

× × ×

એક અંગ્રેજ અમીર અમેરિકાના પ્રમુખ લીંકનની મુલાકાતે ગયો ત્યારે લીંકન પોતાનાં બૂટ સાફ કરતો હતો. તે જોઇ અમીરે કહ્યું : " અંગ્રેજો પોતાનાં બૂટ જાતે સાફ નથી કરતા."

" ત્યારે તેઓ કોનાં બૂટ સાફ કરે છે ? " લીંકને ધીમેથી પૂછ્યું.

× × ×

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજમાર્ગ પર અશ્વને ફટકારતા એક ગાડીવાનને જોઈ બ્રિટિશ ઉમરાવ થોમસ અરર્કીને તેને પૂછ્યું, " ભાઇ, બિચારા ઘોડાને આવો માર શા માટે મારે છે ? "

" મારો ઘોડો છે. મને ફાવે તેમ કરૂં. તેમાં તારે શું ? " ગાડીવાને દમામપૂર્વક ઉત્તર દીધો.

અરર્કીને તરતજ પોતાની લાકડીથી ગાડીવાનને પીટવા માંડયો.

ગાડીવાને ચીસો નાંખતાં કહ્યું, " કેમ મારો છો ? "

" હું તને મારતો નથી, " અરર્કીને શાંતિથી કહ્યું. " હું તો મારી લાકડીનો ફાવે તેમ ઉપયોગ કરૂં છું. તેમાં તારે શું ? "

× × ×

એક જાડી માછણ પેરીસના રાજમાર્ગ પર માનવ ટોળાંને એકત્ર કરીને તેમની સમક્ષ ભાષણ કરતાં કહેવા લાગી, " પોલીસથી ડરો નહિ. તેમને ખૂબ ખૂબ ખાવાનું મળે છે, એટલે તેઓ જાડા થઇ શકે છે ને આપણી જરા પણ દરકાર નથી રાખતા. "

તે સમયે ત્યાંથી પસાર થતો નેપોલિયન તે માછણની અડોઅડ જઇ બોલ્યો, "મહાદેવી, હું તો બધા જ સિપાઇઓનો ઉપરી છું. છતાં મારા સાથે તમારૂં શરીર સરખાવી જુઓને. આપણા બેમાં વધારે જાડું કોણ છે ? "

મહાદેવીએ તરત જ ત્યાંથી ચલતી પકડી. અને તે જ દિવસે ભાષણ કરવાની કલાને પણ તેમણે તિલાંજલિ આપી.

× × ×

વિખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી સર આઇઝેક ન્યુટન શિયાળાની એક ઠંડી રાત્રે સગડી નજીક તાપતા હતા. તે વખતે તાપ વિશેષ લાગતાં ન્યુટને પોતાના નોકરને બોલાવી કહ્યું, " આ સગડી ખોદીને જરા દૂર મૂક. તાપ ઘણો જ સખત લાગે છે. "

" પણ સાહેબ, " નોકરે વિનયથી કહ્યું " સગડી ખોદીને દૂર મૂકવાને બદલે આપ જો આપની ખુરશી જ સગડીથી જરા છેટે લઇ જાઓ તો તાપ ઓછો લાગશે. "

" હા. હા. એ તો મને યાદ આવ્યું જ નહિ. " ઇંગ્લાંડના મહાન ગણિતશાસ્ત્રીએ પોતાની ખુરશી પાછી ખસેડતાં કહ્યું.

× × ×

સિંધના એક રાજકુમાર મોહમ્મદખાંએ જનાનખાનાની એક શિક્ષિકા સાથે પ્રેમચેષ્ટા કરવાનો પ્રયત્ન કરતાં તે શિક્ષિકાના બાપે તેને સારી રીતે પીટયો. તે અંગે મોહમ્મદખાંએ અમીર રૂસ્તમખાં સમક્ષ ફરિયાદ કરી. ત્યારે રૂસ્તમખાંએ કહ્યું :

" પુત્રીના શીલને ખાતર રાજકુમાર પર પણ હાથ ઉઠાવનાર પિતા ખરેખર પ્રશંસાને પાત્ર છે. અને સિંધનો રાજકુમાર સિંધની ભૂમિ પર જ્યારે નારીના શીલની કિંમત નથી સમજી શકયો ત્યારે બહેતર છે કે તેણે તે ભૂમિ છોડી ચાલ્યા જવું અને વર્તન સુધરતાં લગી ફરી અહીં પગ ન મૂકવો. કેમકે પહેલી ભૂલે તો માર જ પડયો છે, પણ બીજી ભૂલે તો અહીં પ્રાણ ગુમાવવા પડશે. "

× + ×

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહાત્માજી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં જતા હતા ત્યારે તે જ સ્ટીમર પરના એક અંગ્રેજ ઉતારૂએ મહાત્માજીના વિષયમાં એક દીર્ઘ કટાક્ષકાવ્ય રચીને મહાત્માજીને ભેટ ધર્યું. મહાત્માજીએ તે કાવ્યનાં પાનાંઓમાં ભેરવેલી ટાંકણી કાઢી લઇ તે પોતાની ડબીમાં મૂકી દીધી અને પછી કાવ્યને ફાડીને ફેંકી દીધું.

"વાંચવું તો હતું," અંગ્રેજ ઉતારૂએ મહાત્માજીને સલાહ આપતાં કહ્યું, "તેમાં પણ કંઇક સાર હતો."

"તેમાં જે કંઈ સાર હતો" મહાત્માજીએ હસતાં હસતાં કહ્યું, "તે કાઢીને મેં આ ડબીમાં મૂકી દીધેલ છે."

× × ×

સાદરીના સામંતનાં લગ્ન ભાગ્યયોગે મેવાડની રાજકન્યા વેરે થયાં. તે પછી એક પ્રસંગે સામંતે પોતાની પત્ની પાસે પાણી મંગાવ્યું ત્યારે પત્ની ગર્વમાં બોલી, "મેવાડના છત્રધારીની રાજકન્યા એક ક્ષુદ્ર સામંતને પાણી પાવાને નથી આવી."

સામંતે તરત જ તે કન્યાને ઉદેપુર તરફ વિદાય કરી અને મેવાડપતિને તેની વર્તણુકની વિગત મોકલાવી.

મેવાડના નરેશે આ હકીકત સાંભળતાંજ સાદરીના સામંતને ઉદેપુર પધારવાનું આમંત્રણ આપ્યું. ને તે અનુસાર સામંત ઉદેપુરની રાજસભામાં પ્રવેશતાં જ નરેશ તેની સામે ગયા, સામંતને નરેશની જમણી બાજુ સિંહાસન પર બેસાડવામાં આવ્યા ને સ્વયં મેવાડનો યુવરાજ સામંતની સેવામાં ખડો રહ્યો.

સામંત આટલા બધા આદરથી જ્યારે શરમાઇ ગયો ત્યારે મેવાડપતિએ કહ્યું કે– "મારી કન્યાને પોતે મેવાડની રાજકન્યા છે એ યાદ રહે છે, પરંતુ સાદરીના સામંતની તે સહધર્મચારિણી છે એ યાદ નથી રહેતું એટલે હવે મારે હું મેવાડનો પતિ છું એ યાદ રાખવાનું નથી, પણ સાદરીના સામંતનો હું સસરો છું એ જ યાદ રાખવું જોઇએ."

રાજ્યકન્યાએ તરતજ પિતા અને પતિની ક્ષમા યાચી, ને સાદરી જઇ તે સામંતની ભક્તિમાં કૃતકૃત્યતા અનુભવવા લાગી.

× × ×

૧૯૦૭માં અફઘાનીસ્તાનના અમીરે આગ્રાની મુલાકાત લીધી ત્યારે લોર્ડ કીચનરે સરકારી સંગીત–વિશારદને અફઘાનીસ્તાનનું રાષ્ટ્રીય સંગીત વગાડવાની સૂચના કરી.

"પણ સાહેબ," સંગીત–વિશારદે દિલગીરીપૂર્વક કહ્યું, "અફઘાનીસ્તાનના સંગીતનો મને ખ્યાલ પણ નથી."

"વાંધો નહિ" કીચનરે ધીમેથી કહ્યું, "તું તારે વગાડયે જા. જરા જોરદાર. પહાડી. બધાથી જુદું પડી જાય એવું."

સંગીત–વિશારદે પ્રાચીન જર્મન સંગીતને અનુસરીને જોરદાર સુરોમાં અમીરનું સ્વાગત કર્યું. મુંબઇ–કલકત્તા અને મદ્રાસનાં વર્તમાનપત્રોએ એ સંગીતનાં અફઘાનીસ્તાનના અપ્રતિમ રાષ્ટ્ર–સંગીત તરીકે ગુણગાન કર્યાં એટલુંજ નહિ, તે પછી કાબૂલમાં પણ એ જ સંગીત વગાડાય છે.

——:*:——

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# લગ્ન અને તેની વિશિષ્ટતાઓ

વિદ્યાર્થી

પ્રકૃતિતત્ત્વની છાયા નારી; પુરુષતત્ત્વનું પ્રતિબિંબ નર. પ્રકૃતિ–પુરુષના જોડાણમાંથી વિશ્વ પ્રગટ્યું: એ વિશ્વને જીવંત અને સભર રાખવાને નર–નારીનું જોડાણ તે લગ્ન.

કોઇ લગ્નને કુલધર્મ માને છે, કોઇ રાષ્ટ્રીય ફરજ લેખે છે; કોઇ તેને પ્રેમનું પરિણામ માને છે, કોઇ પ્રેમનો પન્થ ગણે છે; કોઇ તેને મોહ કે પાપ માને છે, કોઇ દેહભૂખ ભાગવાનું સાધન લેખે છે; કોઇ તેને ઘર ચલાવવાનો માર્ગ માને છે, કોઇ સંતાનભૂખ સંતોષવાનું સાધન ગણે છે. નરને ક્યાંક ભ્રમરની તો નારીને કુસુમની ઉપમા અપાય છે; નરને વૃક્ષની તો નારીને વેલની ઉપમા અપાય છે. પરંતુ લગ્નની આ ભિન્ન ભિન્ન ભાવનાઓ અને નર–નારીની ઉપમાઓ અધૂરી અને એકરંગી છે. લગ્ન એ વિશ્વધર્મ છે. ઉપમા જો આપવાની જ હોય તો નરને વિષ્ણુની તો નારીને લક્ષ્મીની, નરને સૂર્યની તો નારીને પૃથ્વીની ઘટે છે.

સર્જનના પ્રવાહને અસ્ખલિતપણે ચાલુ રાખવાને નરનારીનું જોડાણ અનિવાર્ય છે. અને તે તો વનસ્પતિ અને પશુ–પંખીમાં પણ પ્રચલિત છે. પણ માનવીએ એ જોડાણને લગ્નના સુંદર રૂપમાં વ્યવસ્થિત બનાવીને પોતાની વિશિષ્ટતા દાખવી છે. માનવીએ ખીલવેલી મહત્તા અધિકાંશે લગ્નસંસ્થાને આભારી છે.

લગ્નનું પરમ વિશુદ્ધ ને વિકાસમૂલક સ્વરૂપ તો પ્રાચીન આર્ય પ્રથાનુસારનું ધર્મલગ્ન છે.–કે જેમાં, કુટુંબ–સંસ્થાનું વિસ્તૃત વર્તુલ માનવીની સ્વાર્થભાવનાને પરમાર્થની શ્રેણી પર ચડાવે છે. માનવીને જેમાં સમૂહજીવનની કેળવણી મળે છે. પતિ–પત્નીની અતૂટ એકતા જીવનને ને જગતને સભર રાખે છે ને સંયોગવશાત્ પતિ અવસાન પામે તો તેના દેહને ખોળામાં લઇને ચિતા પર ચડતી* સતીનારી વિશ્વમાં પ્રેમ ને પવિત્રતાનું વાતાવરણ પ્રગટાવીને નારીજાતિમાં પણ આત્મબલિદાનની ભાવનાને જીવંત રાખે છે. માતૃભૂમિના રક્ષણને ખાતર યુદ્ધમાં જતી વેળા કુટુંબની વિવિધ વ્યક્તિઓની વિદાય લેતા પુરુષમાં ને તેને વિદાય આપતી વ્યક્તિઓમાં પરમાર્થને ખાતર ત્યાગની ભાવના ખીલે છે. પતિ–પત્ની, ભાઇ–ભાભી, બહેન–બનેવી, માતા–પિતા, સાસુ–સસરા, પુત્રવધૂ–જમાઇ, પુત્ર–પુત્રી આદિ સગપણોની ગાંઠ પ્રેમગંગાનાં નીરને ભિન્ન ભિન્નરૂપે ગાળીને એને એવી વૈવિધ્યતા અને પવિત્રતા બક્ષે છે કે તે ગંગાને માટે સમય જતાં પ્રભુ પ્રતિના પરમ પ્રેમમાં પલટાવું સુલભ થઇ પડે છે. લગ્ન એ વિશુદ્ધ પ્રેમનું પ્રતીક, સર્જનનું ઓજસ્વી ઝરણ અને વ્યક્તિ ને સમષ્ટી વચ્ચેની તે સોનેરી સાંકળ બની રહે છે.

લગ્નસંસ્થાના ઘડતર પાછળ વિશ્વની સમસ્ત પ્રજાઓએ આવા જ આશયો સેવેલા. પણ

---

* મહાન રોમન સેનેટર ને જગવિખ્યાત વક્તા સીસેરો ભારતીય આર્ય સંસ્કૃતિના મુગટમણિ સમા આ અંગની પ્રશંસા કરતાં લખે છે કે—

Mulieres in India, cum est cujusque earum vir mortuus, in certamen judiciumque veniunt, quam plurimum ille dilexerit: plures enim singulis solent esse nuptae. Quae est victrix, ea laeta, prosequentibus suis una cum viro in rogum imponitur: illa victa moesta discedit. **Tusculan questfons** lib V no–78

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વખત જતાં ધીમે ધીમે ભાવના ક્ષીણ બની અને લગ્ન–એક વિશ્વધર્મમાંથી વિકૃત બનીને પ્રથા–વિધિ બની રહ્યું. આર્યાવર્તમાં પણ એ જ દશા જણાય છે. છતાં લગ્નસંસ્થાના અભ્યાસ માટે વિશ્વની જુદી જુદી પ્રજાઓમાં તે અંગે જે વિશિષ્ટતાઓ કે વિભિન્નતાઓ રહેલી છે તે દૃષ્ટિપાતને યોગ્ય તો છે જ. ને કેટલીક વખતે તો એ ચિત્રવિચિત્ર વિધિઓની પાછળ પણ ઊંડા આશયો તરવરતા જણાય છે. તથા એ વિધિથી પણ નર–નારીનું લગ્નની છત્રછાયા નીચે જે જોડાણ થાય છે તે ઓછેવધતે અંશે પણ મૂળ આશયોને સફળ બનાવે છે. એટલે અહીં લગ્નવિધિઓ પર ઊડતી નજર નાંખી જવાનું યોગ્ય ધારીએ છીએ:

આર્યાવર્તની સંસ્કારી પ્રજાઓની રસ અને આનંદથી તરબોળ લગ્નપ્રથાઓ તો ખૂબ જ જાણીતી છે. તેમાં પણ કેટલાક વિસ્તારોમાં અરસપરસને કોરડા મારવાની, વીંટીની, ભૂલભૂલામણીની, જળ છાંટવાની, સહભોજનની તેમજ રંગ છાંટવાની પ્રથાઓ વિશેષ નોંધપાત્ર છે. તોરણના ઝગડા તેમજ શૃંગાર તરબોળ ગીતો પણ ધ્યાનપાત્ર છે.

ભૂતાનમાં બેચાર ભાઇઓ વચ્ચે એક જ પત્ની હોય છે.

નેપાળની બધી જાતિઓમાં બહુપત્નીત્વ સહજ સ્વાભાવિક છે. તેમાંની નેવારી જાતિની લગ્નપ્રથા કંઇક વિચિત્ર છે. કન્યાનું લગ્ન નાનપણમાં એક પવિત્ર વેલના ફળ સાથે કરી એ ફળને નદીમાં તરતું મૂકી દેવામાં આવે છે. ફળનું ભાવિ જણાવું અસંભવિત હોઇ તે કન્યા અખંડ સૌભાગ્યવતી ગણાય છે. પછી મોટી વયે તેનું લગ્ન યોગ્ય પુરુષ સાથે કરવામાં આવે છે અને એ પુરુષ ન ગમતો હોય તો તેના ઓશીકા નીચે એક સોપારી મૂકી તે કન્યા બીજા પુરુષ સાથે જોડાઇ શકે છે.

સિયામમાં ઉચ્ચ વર્ગોમાં બહુપત્નીત્વ પ્રચલિત છે; પણ નીચ વર્ગોમાં એકપત્નીત્વનો રિવાજ છે. લગ્ન અગાઉ વર–કન્યાની લાયકાત ઉમ્મર વગેરે અંગે જોશીઓને ખુલાસો પૂછવામાં આવે છે. લગ્ન પછી પહેલા બાળકના જન્મ લગી વર અને કન્યા બેઉ કન્યાના પિતાને ત્યાં રહે છે.

આસામની ગોરા જાતિમાં ઘરની માલિક સ્ત્રી ગણાય છે. વરને ઉમેદવાર તરીકે કેટલાક વખત લગી કન્યાના પિતાને ત્યાં રહેવું પડે છે. જે જમાઇ સસરાની વહાલી કન્યાને પરણે છે તેને સસરાના મરણ પછી સાસુ સાથે પણ લગ્ન કરવાં પડે છે.

ચિત્તાગોંગની કૂકી જાતિમાં સમાજના અગ્રણીઓ જ એક કરતાં વધારે સ્ત્રીઓ પરણી શકે છે કે રખાતો રાખી શકે છે. વરને ઉમેદવાર તરીકે કેટલાક વખત લગી સસરાને ત્યાં નોકરી કરવી પડે છે. આ જાતિમાં સ્ત્રીઓ મિલકતની માલિક ગણાતી નથી. લગ્ન–પ્રસંગે સમાજનો અગ્રણી વરવધૂને એક પત્થર પર પગ મુકાવે છે ને તે પર સુગંધી પાણી છાંટતાં છાંટતાં તે મંત્રો ભણે છે.

મધ્ય પ્રાન્તની ગોંડ જાતિમાં પણ વરને ઉમેદવાર તરીકે કન્યાના બાપને ત્યાં રહેવું પડે છે. લગ્ન પ્રસંગે કન્યાનું હરણ થતું હોય તેવો દેખાવ યોજવામાં આવે છે. સગાંઓમાં પણ લગ્ન થઇ શકે છે. સ્ત્રીનું સ્થાન નીચું છે તે બતાવવાને લગ્ન વખતે વર કન્યાના બરડા પર પગ મૂકે છે.

કોંધ જાતિમાં વર કરતાં કન્યાની વય મોટી હોય છે. દુશ્મન ટોળીનાં યુવક–યુવતી વચ્ચે લગ્ન થતાં હોય તો લગ્ન દરમિયાન બંને ટોળીઓ લડતી બંધ થઇ જાય છે. કન્યાહરણ પ્રચલિત છે. ન્યાત જમવા બેઠી હોય ત્યાં આવીને વર કન્યાનું હરણ કરી જાય છે.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# નોકરી

ગજેન્દ્ર. જ. પંડયા

'તમે કેટલા વહેલા જાવ છો? હજી દસ પણ વાગ્યા નથી.'

'આપણા ઘડિયાળમાં તો જો, અગિયારને થોડી વાર છે, હમણાં બન્ને હાથ જોડી નવગજના નમસ્કાર કરશે ને કહેશે કે હવે અગિયારમાં પાંચ મિનિટની જ વાર છે, વહેલા જાવ.'

'સારું જાવ, આજ રસોઇ નવ વાગે કરી એટલે સાડાનવે તૈયાર થયા. કાલથી હું રસોઇ જ મોડી કરીશ, પછી કેવા વહેલા જશો તે બતાવીશ.'

'જમ્યા વગર જઇશ. નોકરી તે નોકરી.'

'ખોટાં બહાનાં કાઢતાં આવડે છે. હજુ મંજુભાઇ તો હમણાં શાક લઇને આવ્યા.'

'હેડમાસ્તર મંજુભાઇના કાકા થાય છે. એ મોડા આવે તો ચાલે, મારે મોડું જવું ન પાલવે, એ તો નોકરી.'

'હોઠ સાજા તો ઉત્તર ઝાઝા, જાવ આજથી તમારી સાથે કટ્ટા.'

× × ×

'કેમ પાછા આવ્યા? કંઇ ભૂલી ગયા?'—'હા, મારાં ચશ્માં ને ટેબલની ચાવીઓ.'

'હું શોધી આપું છું. મારી બધી વસ્તુઓ ફેંદશો નહિ. મેં મહા મહેનતે આજે બધું વ્યવસ્થિત કર્યું છે.'

'ઘડિયાળ સામું તો જો, બન્ને કાંટાએ નમસ્કાર કર્યા. પછી બધું ગોઠવજે.'

'આમ ફેંકાફેંક ન કરો. હું શોધી આપું છું. કેટલા ગભરાવ છો? જોડે મને પણ ગભરાવી મૂકો છો.'

'એ તો નોકરી, નથી ભાઇબંધી.'

'નકામા બધું અસ્તવ્યસ્ત કરો છો. અહીં તો કશું નથી, તમારાં ખીસ્સાં તપાસો.'

'ચાવી મળી, ચશ્માં જડયાં. બન્ને ખીસ્સામાં જ છે.'

'કેવું ભાન રાખો છો? મને અમસ્તી ગભરાવી મૂકી. બગલમાં છોકરૂં ને મારૂં છોકરૂં કયાં એવી ભૂલકણી બૈરી જેવી વાત કરી.'

'એ તો નોકરી.'

× × ×

'રજા મંજૂર કરાવવા જાવ છો ને?'—'હા'

'હમણાં ન જશો. અડધો કલાક પછી જજો.'

'કેમ?'—'સાહેબ ગુસ્સામાં છે.'

'આવ્યા છે ત્યારથી એવા જણાય છે. કંઇ જાણવા જેવું બન્યું છે?'

'તમે કયાં નથી જાણતા? પેલો પટાવાળો ફાટયો છે! આજે બરાબર અગિયાર વાગે ઘંટ માર્યો જ નથી, એટલે સાહેબનો પિત્તો ગયો છે.'

'તમે સખારામની વાત કરો છો ને? બરાબર અગિયારના ટકોરા થયા કે તરતજ તેણે ઘંટ વગાડયો છે. હું તે વખતે હાજર હતો.'

'અરે બોલશો નહિ, સાહેબ સાંભળશે. એજ પણ કયારનો એ ઝૂડયા કરે છે કે મેં ટકોરા સાંભળીને ઘંટ માર્યો છે, મને ઘડિયાળમાં જોતાં નથી આવડતું. આટલાં વર્ષથી નોકરી કરે છે પણ ગોધાને ભાન જ નથી કે ઘડિયાળમાં ટકોરા અગિયાર ને બે મિનિટે થાય છે.'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

'તેમાં ગુસ્સે થવા જેવું શું છે?'—'એ તો નોકરી.

'એમ! ત્યારે હું પણ હમણાં ન જાઉં એ જ ઠીક છે નહિ?'

'હા, અમે તમારા ભલા માટે કહીએ છીએ. મારી નોકરી દરમ્યાન આવા બાવીસ હેડમાસ્તર બદલાયા.'

'બધા આવા?'

'હા, દરેકના મગજમાં રાઇ તો રહેવાની. કયારે જવું, કયારે ન જવું, કયારે ખુશ મિજાજમાં છે, કયારે કાળભૈરવનું સ્વરૂપ ધારણ કરશે, એ બધું સમજીએ તો જયાં જાવ ત્યાં ફતેહના ડંકા.'

'એમ?'

'ડાચું મોં રાખી 'એમ' 'એમ' શું કરો છો? આટઆટલા કાગળના ઘોડા તમારા પર છૂટે છે તે નથી સમજાતું. જાવ તો ખરા. પાછા આવવાની ખેર નથી. પેલો કારકૂન કયારનો હાથમાં ચોપડા લઈ પૂતળાની માફક બારણા આગળ ઊભો રહ્યો છે તે નથી જોતા?'

'પણ મારે તો ઓફિસમાં હમણાં જ જવું છે, કારણ કે સાહેબ બહાર જવાના છે. જો જશે તો પછી મને રજા નહિ મળે. 'હું સોમવારે હાજર હતો ત્યાંસુધી કેમ રજા ન લીધી?' આમજ ઉધડો લેશે, લેખિત ખૂલાસો માગશે ને વગર કારણે ધમકાવશે તે જુદું. આમ જરા મોડો પડીશ તો મુદ્દલ ઉપરાંત વ્યાજનું વ્યાજ, ચક્રવૃદ્ધિ વ્યાજ આપવું પડશે. ટેમ્પ્રેચર ૨૩૨ ફેરેનાઇટ પર હશે તો વ્યાજનો દર વધી જશે.'

'એમ કહોને મારે જાવું છે, ખુશીથી જાવ. ઘો મરવાની થાય ત્યારે જ વાઘરીવાડે જાય.'

× × ×

'કેમ એટલામાં પાછા આવ્યા? નહોતા માનતાને? જાવ, રજા મંજૂર કરાવો..

'મંજૂર થઇ ગઇ, ને કારકૂને કાલથી સહી લેવા માટે નવા ચોપડા ય બાંધવા માંડયા સખારામનો એશારામ અવળો નીકળી ગયો. તેની આજે ને આજે બદલી સીવીલ હોસ્પીટાલમાં થઇ.'

'કેમ એમ બોલો છો? સાચું કહો છો? રજા મંજૂર થઇ કે કંઇ ધડાકો થયો?'

'હા, ઓફિસમાં બોમ્બ ફૂટયો, તમે કોઇએ અવાજ ન સાંભળ્યો?'

'અવાજ તો સાંભળ્યો. પણ અવાજ કયાંથી આવ્યો તે ખબર નથી. ઓફિસમાંથી આવ્યો કે સ્હામા ઝાડ પરથી આવ્યો એ કળી શકાયું નહિ.'

'અવાજ ઓફિસમાંથી જ આવ્યો. પણ સ્હામે વાંદરા જેવો અવાજ કરે છે તેવો જ અવાજ હતો એટલે તમે બધા એ મહામૂલા અવાજને ઓળખી શકયા નહિ.'

'શું થયું? શેનો અવાજ? કેવો અવાજ?' એક શિક્ષકે પૂછ્યું.

'હું જો એવો બોમ્બ ફોડીશ તો તમારે અહીંથી નાસવું ભારે પડશે.'

'તમારી કવિતા લખવાની ટેવ આટઆટલા દિવસ નોકરી કરી તોય ન ગઈ. સીધી વાત કરો, દુનિયાપારની વાતો પછી કરજો. હમણાં રીસેસ પૂરી થશે?'

'સાહેબ સખારામ પર તડૂકયા કે સખારામ સાહેબ મારવા ઊભા થયા, એમ ધારી પાછલા પગે ખસવા ગયો. પાસે જ પાર્સલ તોલવાનું ત્રાજવું ને કાટલાં પડયાં હતાં.'

'પાછી તમે કવિતા રચવા માંડયા?'

'અરે સાંભળો તો ખરા. મારી કવિતા તો સખારામને ચતોપાટ પડેલો જોઇ કયાંય સુકાઈ ગઇ. તેનું તો માથું જ કાટલામાં ઘૂંટાઇ ગયું. આપણા કારકૂન સાહેબને તેનો ધકકો વાગ્યો એટલે હાથમાંથી ચોપડા નીચે સહીંની ડોલમાં પડ્યા, ને હું તો ત્યાંથી રફુચક જ થઈ ગયો.'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

'હં, જાવ રજા લેવા. હું તો પહેલેથી જ કહેતો હતો કે એ તો નોકરી. ગયા હોત તો બીજો સ્ફોટક બોમ્બ જરૂર ફૂટતો.'

'ચાલો પેલા સખારામની કંઈ શુશ્રૂષા કરીએ, બિચારો ખરેખરો પટકાયો છે.'

'હજી તમે કવિ જ રહ્યા. સખારામ તો બડો ઢોંગી ને બદમાસ છે. એ હાથીના બતાવવાના જુદા ને ચાવવાના જુદા. ફરી સાહેબ કોઈ દિવસ કંઈ જ કહે નહિ એટલા માટે કીમિયો કર્યો હશે. આપણા સાહેબ તો બહુ ભલા છે, કોઈનું અહિત ઇચ્છે એવા નથી.'

'તમે નહિ માનો. પણ આજે તો એને ખરેખરી શિક્ષા થઈ છે. ચાલો, કારકૂન સાહેબને તો મદદ કરીએ. 'પે-બીલ્સ' પર સહી નહિ થાય તો પહેલી તારીખે પગાર મળવો મુશ્કેલ છે.'

'અરે એ પણ જેટલો બહાર છે એનાથી બમણો અંદર છે. સાહેબે શું લખ્યું, ઇન્સપેકટરનો શું જવાબ આવ્યો, એમાંનું કંઈ જ કહેતો નથી. મગનું નામ મરી ન પાડે એવો ડાકુ છે.'

'ચાલો તો ખરા. તમાસો જોવામાં આપણું શું જાય છે?'

'વાહ કવિ વાહ, તમેય સોળે કળામાં પારંગત થવા કમર કસવા માંડી. કોઈને ગધેડે બેસાડી પાછળ તાલી પાડવી એ જ આવડવું જોઈએ. તો જ આવા અમલદારોના હાથ નીચે નોકરી થાય.'—'ખરી તમારી નોકરી.'

× × ×

આ પ્રકારનું દાસત્વ અને સ્વમાનહાનિ ઘણી વખત સુષુપ્ત માનવજીવનને જાગ્રત કરે છે. એવા વિચારવમળોમાં ગોથાં ખાતું મારું ધ્યાનનાવ ઘેર પાછા ફરતાં એકાએક માર્ગમાં દીવાદાંડીના ખડક સાથે અથડાયું. અથડાનાર વ્યક્તિ ખાદીધારી હતી. હું પણ ખાદીધારી જ હતો. આમ એક વ્રતધારી હોઈ મેં એમ જ ધાર્યું હતું કે એ મારા અજાણથી થયેલા ગુન્હાને ક્ષંતવ્ય ગણશે. પણ ધાર્યા કરતાં દુનિયામાં ઘણી વખત ઊલટું બને છે, એ સિધ્ધાન્તનું પ્રતિપાદન કરતા એ ખાદીધારીએ પોતાની થેલીમાંનું દાણાસૈન્ય જમીન પર છિન્નભિન્ન થયેલું જોઈ મારાપર પુષ્પવૃષ્ટિ કરવા માંડી:

'આવા સોક્રેટીસો દુનિયામાં કયાં સુધી કુટાયા કરશે?... એવો કોણ આંધળો હતો?... મારી નોકરીની જવાબદારીનું ભાન આવા ગોધાઓને કયાંથી આવે?'

આવાં અનેક વાકયો મારા શ્રવણપટ પર અથડાયાં. એ ટોળામાંથી હું કયારે અદશ્ય થયો એની કોઈને ખબર પડી નહિ. એ ખાદીધારીનો પરિચિત સ્વર સાંભળતાં જ મને ખબર પડી કે એ ખાદીધારી બીજા કોઈ નહિ પણ મારા એક દક્ષિણિ મિત્ર, જેમને ખાદીની ટોપી પર, ખાદીના પ્રચારકો પર ખૂબ ઘૃણા ઉત્પન્ન થતી હતી તે હતા. કવચિત્ કવચિત્ તેઓ એમ પણ કહેતા કે 'આ ગાંધીનાં ધોળાં ગધેડાં દેશમાંથી હાંકી કાઢવાં જોઈએ. આ સફેદ ઠગોએ જ દેશની ને ધર્મની પાયમાલી કરી છે.' આવા ચુસ્ત સનાતનીનો વિચારપલટો કયારથી થયો, તેમણે ખાદીને કયારથી અપનાવી, આ વિચારો આવતાં જ મને યાદ આવ્યું કે જ્યારથી લોકલબોર્ડનું સંચાલન પ્રજાના કાર્યકરોના હાથમાં ગયું હતું, ત્યારથી તેમણે ટોપી બદલી હતી ને શુદ્ધ ખાદીધારી બન્યા હતા.

માનવજીવનની આ દશા પર વિચાર કરતો હું ચાલ્યો જ જતો હતો, એવામાં કોઈનો મધુર ટહૂકાર મારા શ્રવણે પડયો:

'તમે કેટલા મોડા આવ્યા છો? ગામ પહેલાં જાવ છો ને ગામ મોડા આવો છો?'

'એ તો નોકરી.' મેં ગ્લાનિને છુપાવતા સ્મિતમય વદને કહ્યું.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## સ્મરણ–નોંધ

ગયા મહિને પ્રજાને સંસ્કારક્ષેત્રમાં મહત્ત્વનો ફાળો નોંધાવનાર ત્રણ વ્યકિતઓનો ચિર-વિરહ અનુભવવો પડયો છે. તેમાંથી પ્રથમ ફાર્બસ સભાના મંત્રી ને ફાર્બસ ત્રૈમાસિકના તંત્રી શ્રી અંબાલાલ બુલાખીરામ જાની માર્ચની ત્રેવીશમીએ અવસાન પામ્યા. બીજા બનારસ હિંદુ વિદ્યાપીઠના માજી ઉપ–કુલપતિ શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ એપ્રિલની સાતમીએ ને ત્રીજા અજમેર–કોલેજના પ્રિન્સીપાલ શ્રી શેશાદ્રી એપ્રિલની એકવીશમીએ પંચત્વ પામ્યા.

શ્રી અંબાલાલભાઈનો જન્મ સંવત ૧૯૩૬ માં થયેલો. બી. એ. ની પરીક્ષા પસાર કર્યા પછી તે ૧૯૬૩ માં પન્નાલાલ હાઈસ્કુલમાં શિક્ષક તરીકે નિમાયા. તે પછી 'સમાલોચક' તેમજ 'ગુજરાતી' માં તેમણે સહતંત્રી તરીકે કાર્ય કરેલું.

તેઓ પ્રાચીન ગુજરાતી સાહિત્ય, ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ને વેદાંતના પ્રખર અભ્યાસી હતા. નડિયાદના સાક્ષરવૃંદના તે છેલ્લા જાણીતા વિદ્વાન હતા. તેમનું જીવન સાદું ને સંયમી હતું. પ્રાચીન આર્ય ઋજુતા તેમનામાં પ્રસંગોપત દૃષ્ટિગોચર થતી. તેમના અવસાનથી ગુજરાતે જૂની સ્મરણીય પેઢીનો એક વિદ્વાન ગુમાવ્યો છે.

શ્રી. આનંદશંકરભાઇનો જન્મ ઈ. સ. ૧૮૬૯ માં થયેલો. ૧૮૯૧ માં એમ. એ. અને ૧૮૯૩ માં એલએલ. બી. ની પરીક્ષા પસાર કરી તેઓ તે જ વર્ષમાં ગુજરાત–કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસરપદે નિમાયા. તે પછી મુંબઇની એલ્ફીન્સ્ટન કોલેજમાં પણ તેમણે તે જ પદ ભોગવ્યું. થોડોક સમય લગી તે ગુજરાત–કોલેજના પ્રિન્સીપાલપદે પણ રહેલા.

ગાંધીજીને તેમના પ્રત્યે અપાર મમતા હતી. તેઓ તેમને સનાતની તેમજ સુધારકવર્ગ વચ્ચેના સેતુ સમાન ગણતા. એક પ્રસંગે તો ગાંધીજીએ શ્રી, આનંદશંકરભાઈ સાથેનો પોતાનો સંબંધ આશક–માશુકના સંબંધ સાથે સરખાવેલો.

૧૯૨૦માં મહાત્માજી તેમજ સર લલ્લુભાઇની સૂચનાથી પંડિત મદન મોહન માલવિયાજીએ તેમને બનારસ હિંદુ વિદ્યાપીઠના મહામહોપાધ્યાય તરીકે આમંત્ર્યા. ત્યાં ૧૫ વર્ષની સુંદર સેવાઓ પછી ૧૯૩૫ માં જ્યારે તે નિવૃત્ત થયા ત્યારે વિદ્યાપીઠે તેમને ડૉ૦ ઓફ લીટરેચરની માનદ પદવી એનાયત કરી.

સાહિત્યક્ષેત્રે તેમની સેવાઓની શરૂઆત 'સુદર્શન' માંના લેખોથી શરૂ થઇ. ૧૯૦૨માં તેમણે 'વસન્ત' માસિક શરૂ કર્યું. ૧૯૨૮માં તે નવમી ગુજરાતી સાહિત્ય–પરિષદના પ્રમુખ તરીકે ચુંટાયા. છેલ્લાં સાતેક વર્ષથી અમદાવાદમાં વધી પડેલી સાંસ્કારિક પ્રવૃત્તિઓ વિશેષત: તેમને આભારી છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તેમજ ગુજરાત સાહિત્યસભાના તેઓ પ્રમુખ હતા. ગુજરાત વિશ્વ–વિદ્યાપીઠ સ્થાપવાની તેમને તાલાવેલી લાગી હતી. પણ તે પુરી થાય તે પહેલાં જ પ્રભુએ તેમને ઝડપી લીધા.

પ્રિન્સીપાલ શેશાદ્રી સરકારી નોકરીમાં હોવા છતાં હિંદની શિક્ષણપ્રગતિમાં તેમણે મહત્ત્વનો ફાળો નોંધાવ્યો હતો. 'અખિલ હિંદ શિક્ષણ સંસ્થા સંઘ'ના તેઓ સ્થાપક હતા. ને લગભગ ચૌદ વર્ષ લગી તેના પ્રમુખપદે રહી તેમણે તેને ઉચ્ચ પદે સ્થાપવાનો પ્રયત્ન કર્યો હતો.

—— :*: ——

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# તારા તણખા

**કલા-સાહિત્ય-શિક્ષણ-સમાજ** લાહોરમાં શ્રી નલિનીરંજન સરકારના હાથે ટાગોર સ્મારક પુસ્તકાલયની ઉદ્‌ઘાટન-ક્રિયા. મુંબઇમાં હિંદી સરકારના કેળવણીખાતાના વડાના પ્રમુખપદે મળેલી પુસ્તકાલય પરિષદમાં શ્રી મુનશીનું લેખનકળા પર સુંદર પ્રવચન. ધીણોજમાં શ્રી રમણલાલ વ. દેસાઇના પ્રમુખપદે ઉજવાયલું મેસાણા પ્રાન્ત પુસ્તકાલય પરિષદનું ચોથું અધિવેશન. ૧૬ મી મેએ ઉજવાનારો શ્રી રમણલાલ વ. દેસાઇનો સુવર્ણ મહોત્સવ શ્રી દેસાઇના આગ્રહથી મિત્ર વર્ગમાં જ મર્યાદિત રાખવામાં આવ્યો છે. બનારસ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ યુદ્ધ પરિસ્થિતિ અંગે સત્તાધીશોને કોલેજો બંધ રાખવાની ને પરીક્ષાઓ મુલતવી રાખવાની અરજી કરતાં સર રાધાકૃષ્ણે તેમને હિંમત અને મર્દાનગીની આપેલી સલાહ. અમદાવાદ તથા કરણનગરમાં ગ્રામોદ્યોગ પ્રદર્શન અને અલ્હાબાદમાં ઝીણા બાગમાં શિક્ષણ-પ્રદર્શન. તખ્તગઢમાં જૈન કન્યાશાળાની સ્થાપના. જામનગર અને કટારિયા ( કચ્છ ) માં જૈન બોર્ડિંગની ઉદ્‌ઘાટન-ક્રિયા તથા વડોદરામાં જૈન બોર્ડિંગ-ભવનનું શિલાસ્થાપન. કરાડી ભારતવિદ્યાલયનો વાર્ષિકોત્સવ. વડોદરા આર્યકન્યા વિદ્યાલયના સંચાલક શ્રી આનંદપ્રિય આર્યસમાજની તપાસમાં દોષિત ઠર્યા છે. અબ્રામામાં ગ્રીષ્મ વ્યાયામ વર્ગમાં સાહિત્યકારો તથા સમાજ-સેવકોનાં ભાષણો. પોરબંદરમાં હનુમાન-જયંતી. યુક્ત પ્રાન્તની સરકારે ઉદયશંકરના અલમોરા કલાકેન્દ્રને માટે દર વર્ષે રૂ. ૫૦૦૦ ને સામાન્ય ખર્ચ માટે રૂ. ૧૦૦૦૦ ની ગ્રાન્ટ મંજૂર કરી છે. શ્રી માવલંકરના પ્રમુખપદે ઉજવાયલો ચરોતર એજ્યુકેશન શાળાઓનો વાર્ષિકોત્સવ. ફેડરેશન ઓફ ઇન્ડીયન ચેંબર્સ ઓફ કોમર્સના પ્રમુખપદે શ્રી ગગનવિહારી લ. મહેતા ને મુંબઇ મ્યુનીસિપલ સ્ટેન્ડીંગ કમિટિના પ્રમુખ પદે શ્રી મોતીચંદ કાપડિયાની વરણી. મુંબઇનાં સંગ્રહસ્થાનોમાંની કિમતી-ઐતિહાસિક વસ્તુઓ સલામત વિસ્તારોમાં ખસેડાય છે. પાટણ નજીક વડલી ગામમાંથી સંખ્યાબંધ જૈન મૂર્તિઓ ઉપરાંત મળી આવેલા બીજા પણ ઐતિહાસિક અવશેષો. બેલગામમાં કર્ણાટક વિદ્યાપીઠની સ્થાપના અંગે વિચારણા કરવાને મળેલી સભા. જાવાલમાં મહિનાઓ થયાં જૈનો અને વૈષ્ણવો વચ્ચે ચાલતા ઝગડાનું થયેલું શુભ સમાધાન.

**યુધ્ધ-રાજકારણ**-સર ક્રીપ્સની યોજનાનો હિંદના મહત્ત્વના રાજકીય પક્ષોએ અસ્વીકાર કરવાથી સર ક્રીપ્સ હિંદી પ્રજાને યુધ્ધ-સંચાલન અંગે ચેતવણી આપીને પાછા વિલાયત સિધાવે છે ને ત્યાં જઇ પ્રવચનમાં કહે છે કે હિંદી અગ્રણીઓએ તેમને સહકારની ખાત્રી આપી છે. લોર્ડ હેલીફેક્સ પણ સમાધાનની નિષ્ફળતા સાથે સંકળાયલાં અનિષ્ટો અંગે હિંદી પ્રજાને ચેતવણી આપે છે. હિંદમાં રાષ્ટ્રીય સપ્તાહની સુંદર ઉજવણી. અલ્હાબાદમાં મહાસભાની કારોબારી ને મહાસમિતિની બેઠક. તેમાં યુધ્ધ અંગેના કેટલાક ઠરાવો ઉપરાંત, મદ્રાસમાં મહાસભાવાદી ધારા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સભાપક્ષે શ્રી રાજગોપાલાચાર્યની આગેવાની નીચે પાકીસ્તાનની યોજના પ્રત્યે મિત્રતાનો હાથ લંબાવેલો તે અંગે ગરમાગરમ વિરોધ ને મદ્રાસ મહાસભામાંથી છૂટું પડી જશે એવી ચેતવણી સાથે શ્રી રાજગોપાલાચાર્યે આપેલું રાજીનામું. શ્રી રાજગોપાલાચાર્યને ઠેર ઠેર કાળા વાવટાઓનું મળેલું સન્માન. હિંદુ મહાસભા દશમી મે એ પાકીસ્તાન વિરોધ દિન ઉજવાશે. પંડિત જવાહરલાલ આસામ–કલકત્તાની મુલાકાત પ્રસંગે કહે છે કે તેમને યુધ્ધના ખ્યાલથી ઊંઘ પણ આવતી નથી. ગોરી ભેદનીતિ અંગે તેમનાં તેજસ્વી વ્યાખ્યાનો ને નિવેદનો. વડોદરા રાજ્ય પ્રજામંડળ પોતાનો રૌપ્ય મહોત્સવ ઉજવે છે. હિંદના બચાવને માટે ધાર્મિક સિવાયની બધી સ્થાવર–જંગમ મિલકતો કબજે કરવાને લગતો હિંદી સરકારનો નવો કાયદો. મુંબઇના ના. ગવર્નર પ્રજાને ધૈર્યની સલાહ આપે છે ને વડા સેનાપતિ સંરક્ષણ અંગે પ્રવચન કરે છે. અલ્હાબાદમાં મુસ્લિમ લીગના વાર્ષિક અધિવેશનમાં જનાબ ઝીણા પાકીસ્તાનના પોતાના આગ્રહને ફરી યાદ કરે છે. યુધ્ધ આગળ વધતું હોઇને મદ્રાસ, ઓરિસ્સા, કોચીન, સિંધ વગેરે સ્થળે તકેદારીનાં પગલાં: ભયભર્યાં વિસ્તારોમાંથી સરકારી કચેરીઓ સલામત સ્થળે ખસેડાય છે. પ્રજાએ મોટાં શહેરોનો ને ભયભર્યા વિસ્તારોનો ત્વરાએ કરવા માંડેલો ત્યાગ. કોલંબો, ત્રિકોમાલી, વીઝાગાપટ્ટણ, કોકોનાડ વગેરે સ્થળે જાપાનનો સખત વિમાની હુમલો. બંગાળના ઉપસાગરમાં જાપાનીઝ નૌકાકાફલો વ્યાપારી વહાણો ડુબાડે છે. સીલોન નજીક વિમાનવાહક 'હરમીસ' વગેરે કેટલાંક વહાણોની જળસમાધિ. અલીણા, ચોસાલા, ઝાલોદ, દેવ ધોલેરા, નવામુવાડા, પાટણ, પીંડવાડા, બળદાણા, બાવલા, મોડાસર, લીલવા, વાલોડ, સાણંદ, સામેત્રા, સેવાલિયા આદિ સ્થળે ચોરી–લુટફાટના બનાવો. બેંગ્લોર ને મુંબઇમાં કામદારો પર ગોળીબાર. હિંદના બચાવ તેમજ ઔદ્યોગિક વિકાસ માટે હિંદ આવેલા અમેરિકનોના પ્રતિનિધિ કર્નલ જહોન્સન અમેરિકાને હિંદમાં ઔદ્યોગિક કે પ્રાદેશિક લાલસાઓ ન હોવાની ખાત્રી આપે છે: [ પ્રજા ગોરી તેમ શબ્દો પણ ઉજળા ] યુક્ત પ્રાંતોમાં વાવાઝોડું. મુરાદાબાદમાં કોમી અથડામણ. ધાર, ગોરખપુર, વર્ધા, નાગપુર વગેરે વિભાગોમાં ભયંકર આગ.

બ્રહ્મદેશમાં જાપાનની ઝડપી આગેકૂચ ને લાશિયોનું પતન. માંડલેના પતનની જાહેરાત. ફીલીપાઇન્સમાં પણ વેગવાન ધસારાના પરિણામે બાટાનનું પતન. રંગુન તેમજ જાપાનનાં કેટલાંક નગરો પર અમેરિકન વિમાનોનો બોંબમારો. માલ્ટા, આઇસલેન્ડ, સુએઝ ને ઇંગ્લાંડના કેટલાક વિસ્તારો પર વિમાની હુમલો. રૂઝવેલ્ટ, હીટલર, સ્ટેલીન વગેરેનાં ઉત્તેજક વ્યાખ્યાનો. ફ્રેન્ચ સરકારના વડા તરીકે લાવાલની નિમણુક. લાવાલ હીટલરની પ્રશંસા કરીને ફ્રેન્ચ નૌકાકાફલો જર્મનીને સોંપે છે. પરિણામે ખીજાયલું અમેરિકા ન્યુ કેલેડોનિયાના-ફ્રેન્ચ ટાપુનો કબજો લે છે. ફ્રાંસનું તમામ સોનું કબજે કરવાની અમેરિકાની તત્પરતા. અત્યારે અમેરિકા યુદ્ધ પાછળ પ્રતિદિન દશ કરોડ ડોલર ખર્ચે છે ને નવા વર્ષથી વીશ કરોડ ડોલર ખર્ચશે. હીટલર–મુસોલિની મુલાકાત ને નવા આક્રમણની ઘડાતી યોજનાઓ. બાટાનમાં અને ચીનના દક્ષિણ યુનાન પ્રાન્તમાં ધરતીકંપ.

---

**ગ્રન્થ–પરિચય**–સ્થળસંકોચના કારણે આવતા અંક પર મુલતવી રહેલ છે.

——:०:——

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com